**સુવિચાર**

તમારા જીવનને નસીબથી નહિ પણ સારા નિયમથી જીતો, ગરીબાઈને ફેંકી દેવા નબળા વિચારોને હાંકી કાઢો.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૦૬/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૦ જેઠ સુદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૧૬૨

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

ફ્રી નિદાન... ફ્રી સારવાર... ફ્રી ઓપરેશન કેમ્પ...
પથરી - પ્રોસ્ટેટ - કીડની ની તકલીફ ?
તારીખ : ૨૨/૦૬/૨૦૨૪, શનિવાર,
સમય : સવારે ૧૧:૦૦ થી ૨:૦૦
૨૪x૭
ડૉ. જય માંડડીયા (ન્યુરોલોજિસ્ટ)
નવજીવન જનરલ હોસ્પિટલ
નોંધ : ૧) હોસ્પીટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
૨) જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## દર મહિને લાખો રૂપિયાનો ખર્ચ છતાં સ્વચ્છતા જોવા મળતી નથી

# અમરેલીનાં ગજેરાપરાનાં રહેવાસીઓ ગંદકીથી પરેશાન

**શહેરનાં ફરવાલાયક ગણાતા સ્થળો, જાહેર માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં પણ ગંદકી**

**ચિતલ માર્ગ ઉપર આવેલ બ્યુટિફિકેશનમાં પણ બ્યુટિને બદલે ડર્ટીનો માહોલ**

**શહેરીજનોની સહનશક્તિ અખૂટ હોવાથી શાસકોને કોઈ ચિંતા નથી**

**ગજેરાપરાનાં રહેવાસીઓએ હિંમતભેર ગંદકી સામે અવાજ ઉઠાવ્યો**



અમરેલી, તા.૨૦

અમરેલી શહેરમાં ગંદકી અને અંધારપટ્ટને લઈને શહેરીજનોને હંમેશા અસંતોષ રહ્યો છે. પાલિકાનાં શાસકોસફાલઅનેરોશનીનોઝગમગાટ ઉભો કરવામાં હંમેશા વામણા સાબિત થઈ રહ્યા છે.

દરમિયાનમાં શહેરનાં ગજેરાપરાનાં રહેવાસીઓએ આજે ગંદકીની સમસ્યાથી નારાજ બનીને કલેકટર કચેરીએ પહોંચ્યા હતા અને ગંદકીનીસમસ્યાદૂરકરવામાંગકરીહતી.

## ઈલેક્ટ્રીક કરંટથી મોત થયું
# કુંકાવાવ બીટનાં લુણીધાર ગામેથી નીલગાયનો મૃતદેહ મળી આવ્યો

**વન વિભાગે નિયમાનુસાર કાર્યવાહી શરૂ કરી**



અમરેલી, તા.૨૦

શેત્રુંજી વન્યજીવ વિભાગ પાલીતાણા હેઠળની લીલીયા વન્યજીવ રેન્જના કાર્યક્ષેત્રમાં આવતાં કુંકાવાવ રાઉન્ડની કુંકાવાવ બીટના લુણીધાર ગામમાં નીલગાયનો મૃતદેહ બાબતે બાતમી મળતા શેત્રુંજી વન્યજીવ વિભાગના નાયબ વન સરક્ષક જયન પટેલના માર્ગદર્શન હેઠળ લીલીયા રેન્જ સ્ટાફ દ્વારા તપાસ કરવામાં આવતા નીલગાય જીવ-૧ મૃતદેહ મળી આવેલ હતો.

આ નીલગાયનું પી.એમ. કરવામાં આવતા નીલગાય ઈલેક્ટ્રિક વીજકરંટથી મુત્યુ થયેલ જણાય આવતાં વનવિભાગ દ્વારા બનાવના આસપાસ વિસ્તાર સ્કેનીંગ કરવામાં આવતા

અનુસંધાન પાના ૬ ઉપર

## એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી
# ચીતલ ગામનાં હત્યા કેસમાં જામીન બાદ ૯ વર્ષથી ફરાર થયેલ કેદીની અટકાયત

**સુરત ખાતેથી આરોપીની અટકાયત કરાઈ**



અમરેલી, તા.૨૦

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જિલ્લામાં શરીર

અનુસંધાન પાના ૬ ઉપર

**૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ**
63,390/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૦/૦૬/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
9555811166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

SAMSUNG
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
સેમસંગ ઈલેક્ટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એક જ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર



SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૭૪, મો. ૯૪૨૮૪ ૫૯૫૪૭

## દુઃખદ અવસાન/ઉઠમણું



**સ્વ. જસુબેન ચંદુલાલ મોરઝરીયા**
સ્વ.તા.૨૦-૦૬-૨૦૨૪, ગુરૂવાર, મુ. અમરેલી. (ઉ.વ.૭૫)

અમારા માતુશ્રી જસુબેન ચંદુલાલ મોરઝરીયા (ઉ.વ.૭૫) તે ચંદુલાલ મથુરદાસ મોરઝરીયાનાં ધર્મપત્નિનું દુઃખદ અવસાન થયેલ છે. મનુષ્યનું જીવન મળવું એ ભાગ્યની વાત છે, મૃત્યુ થવુ એ સમયની વાત છે, પરંતુ મૃત્યુ પછી પણ મનુષ્યના હૃદયમાં જીવીત રહેવુ એ જીંદગીમાં કરેલા કર્મોની વાત છે, તમે અમારા હૃદયમાં સ્મૃતિરૂપે કાયમ જીવીત છો, પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના...

**સદ્‌ગતનું ઉઠમણું :** તા.૨૧/૦૬/૨૦૨૪, શુક્રવારના રોજ ગજેરાપરા, પટેલ વાડી -અમરેલી મુકામે ૪:૩૦ થી ૫:૩૦ કલાકે રાખેલ છે

લી.

ચંદુલાલ મથુરદાસ મોરઝરીયા (શિવ ફરસાણવાળા)
મનિષભાઈ ચંદુલાલ મોરઝરીયા (શિવ ફરસાણવાળા)
ભાવેશભાઈ ચંદુલાલ મોરઝરીયા (જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક)
મુન્નાભાઈ ચંદુલાલ મોરઝરીયા (શિવ ફરસાણવાળા)

તથા સમસ્ત મોરઝરીયા પરિવારનાં જયશ્રી કૃષ્ણ-અમરેલી

# રોટરી કલબ ઓફ અમરેલી ગીરને બેસ્ટ કલબ તેમજ બેસ્ટ પ્રેસિડેન્ટ સહિતના ૨૧ એવોર્ડ એનાયત






રોટરી ડીસ્ટ્રીકટ ૩૦૬૦નો ''આનંદ અર્પણ'' એવોર્ડ સમારંભ તા. ૧૬ જૂન નાં રોજ વડોદરા ખાતે યોજાયેલ. જેમાં બેસ્ટ કલબ તેમજ બેસ્ટ પ્રેસિડેન્ટ રોટે.ડો. મનિષ વાકોતર સહિત કલબને કુલ ૨૧ એવોર્ડથી સન્માનિત કરેલ હતી. આ ઉપરાંત કલબનાં મેમ્બર્સ રોટે. દેવદત જાની, રોટે. પિયુષ અજમેરા, રોટે. અંબરીશ રાજયગુરૂ, રોટે. ધવલ ઠાકર અને રોટે. પ્રતીક સંઘરાજકાને પણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. રોટરી ગીર સામાજિક ક્ષેત્ર અનેક કાર્ય કરી રહી છે. જેવી કે બળવાત્સલ્ય કેન્દ્ર, કેન્સર ચેકઅપ કેમ્પ, મેડિકલ ઈકવિપમેન્ટ, સુદામાની જોળી, ઓકિસજન બેંક વગેરે જેવા કાર્યો સમાજ માટે કરી રહી છે. જેના ભાગરૂપે બેસ્ટ સર્વિસ પ્રોજેકટ, પબ્લિક ઈમેજ વગેરેમાં પણ રોટરી કલબ ઓફ અમરેલી ગીરને એવોર્ડ અર્પણ કરી ડિસ્ટ્રિકટ ગવર્નર નિહિર દવે દ્વારા બીરદાવામાં આવેલ તથા પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવેલ. રોટરી ડિસ્ટ્રીકટ ૩૦૬૦ (ગુજરાત– મહારાષ્ટ્ર) ની ૧૦૭ કલબોમાંથી રોટરી ગીરને એવોર્ડ પ્રાપ્ત થયા. જે અમરેલી માટે ગૌરવની વાત છે. આ તબકકે પ્રેસિડેન્ટ રોટે. ડો. મનિષ વાકોતર, સેક્રેટરી રોટે. સુરેશ ત્રિવેદી તથા રોટરી ગીરના દરેક મેમ્બર્સ ડિસ્ટ્રીકટ ગવર્નર નિહિર દવે તથા વૈશાલી દવેનો આભાર વ્યકત કરે છે અને સાથો સાથ અમરેલીની જાહેર જનતાનો હૃદયપૂર્વક આભાર માની આવી જ અનેકવિધ સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ શરૂ રાખશે તેની ખાત્રી આપીએ છીએ.

### દેશના ઈતિહાસમાં સૌપ્રથમવાર યુજીસી નેટ પરીક્ષાનું પેપર લીક થયુ

## ફૂલ પ્રૂફ પરીક્ષાઓના પેપર લીક થવા તે સરકારના ખાટલે મોટી ખોટ : હેમાંગ રાવલ

### પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓનુ સઘન ચેકીંગ પણ પેપર લીક ન થવાનું સઘન ચેકીંગ થયું નહી

અમદાવાદ, તા. ૨૦

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા હેમાંગ રાવલે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે યુજીસી નેટ પરીક્ષા માટે કુલ ૧૧ લાખ ૨૧ હજાર ૨૨૫ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું અને તેમાંથી ૮૧ ટકા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ વિદ્યાર્થીઓ અધ્યાપક બનવાના લક્ષ્ય સાથે પરીક્ષા આપવા ગયા હતા. આ વિદ્યાર્થીઓ કે જેઓ પ્રાધ્યાપક બનવા માંગતા હતા, રિસર્ચ કરવા માગતા હતા અને જુનિયર રિસર્ચ ફેલો બનીને ૩૫,૦૦૦ની સહાય મેળવી દેશનાં વિકાસમાં યોગદાન આપવા માટે તત્પર હતા. ભારતનાં ભણતરમાં ૧૦+૨ (ધોરણ ૧૦ અને ૧૨) +૩/૪ (ગ્રેજયુશન) +૨ (માસ્ટર) કુલ ૧૮ વર્ષ ભણ્યા બાદ સર્વોચ્ચ ડીગ્રી લઈને UGC -NETની પરીક્ષા માટે એલિજેબલ થવું શક્ય છે.

તાજેતરમાં તારીખ ૧૮ જૂનનાં રોજ લેવાયેલ યુજીસી નેટની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને ખૂબ જ દૂર દૂર સેન્ટર ફાળવવામાં આવ્યા હતા અને આ વખતે ઓનલાઈનની જગ્યાએ પેન–પેપર દ્વારા કુલ બે ભાગમાં પહેલા ભાગમાં ૫૦ માર્ક્સ અને બીજા ભાગમાં ૧૦૦ માર્કની પરીક્ષા લેવાઈ હતી પરંતુ આશ્ચર્યની વચ્ચે એક જ દિવસમાં આ પરીક્ષાને રદ કરી દેવામાં આવી.

દેશનું સર્વોચ્ચ ભણેલું યુવા ધન કે જે દેશ માટે પોતાની કુશળતા અને યોગ્યતા સ્થાપિત કરી છે. તેઓએ પોતાનો અમૂલ્ય સમય આપીને પરીક્ષા આપી હતી પરંતુ તેમના પરીક્ષા આપવાના એક જ દિવસની અંદર પરીક્ષામાં ગેરનીતિ થયાનાં આરોપો વચ્ચે સમગ્ર પરીક્ષાને રદ કરી દેવામાં આવેલી છે. ઉપરોક્ત પરીક્ષા જુદા જુદા અલગ અલગ ૮૩ વિષય પર લેવાય છે અને તે વિષયનાં પણ અલગ અલગ પેપરો કાઢવામાં આવે છે. આવા પ્રકારની ફૂલ પ્રૂફ પરીક્ષા પણ જો ગેરનીતિનાં આરોપોસર રદ કરવી પડતી હોય તો તેનો મતલબ એમ થયો કે ઉપરોક્ત પરીક્ષાની ગેરનીતિ માટે ખૂબ જ મોટું નેટવર્ક ચાલે છે અને આ નેટવર્ક કોઈપણ પ્રકારના રાજકીય શેહ વિના શકય જ નથી.

નેશનલ ટેસ્ટિંગ એજન્સી આ સિવાય પણ ઘણી પરીક્ષાઓ લઈ રહી છે નીટની પરીક્ષામાં પણ આવા જ પ્રકારનાં આરોપો કરવામાં આવ્યા હતા અને નીટની પરીક્ષા પણ ફરીથી લેવામાં આવનાર છે. અને આમ જોવા જઈએ તો આ પ્રકારના ગેરનીતિ કરનાર લોકોના લીધે લાખો કરોડો વિદ્યાર્થીઓનું ભવિષ્ય બરબાદ થઈ રહ્યું છે અને આ ભાજપ સરકારની સૌથી મોટી નિષ્ફળતા છે. દેશમાં યુજીસી નેટની પરીક્ષા બે વાર લેવાય છે. જૂનમાં અને ડિસેમ્બરમાં જો હવે આ પરીક્ષા સીધી ડીસેમ્બરમાં લેવાનાર હોય તો કોમ્પિટિશન ખૂબ જ વધી જશે અને વિદ્યાર્થીઓને ખૂબ જ નુકસાન જવાનું છે અને હાલમાં ઘણી યુનિવર્સિટીઓમાં પીએચડી પ્રવેશ ચાલી રહ્યો છે કે જેમાં નવી શિક્ષણ નીતિ મુજબ યુજીસી નેટમાં મેળવેલ માર્કસનાં આધારે એડમિશન થનાર છે. આ સરકારી યુનિવર્સિટીઓએ પણ પીએચડીનાં એડમિશન માટે નવી નેટ પરીક્ષાનું રિઝલ્ટ નાં આવે ત્યાં સુધી સમય મર્યાદા વધારવી જોઈએ અને નજીકના ભવિષ્યમાં જ આ પરીક્ષા ફરીથી લેવાવી જોઈએ. આ વખતે પણ પરીક્ષામાં વિદ્યાર્થીઓને જે કેન્દ્ર ફાળવવામાં આવ્યાં હતા તે ખૂબ જ દૂર હતા. અમદાવાદનું જ જો ઉદાહરણ લઈએ તો છેક કર્ણાવતી યુનિવર્સિટી ઉવારસદમાં સેન્ટર ફાળવવામાં આવ્યું હતું જે અમદાવાદમાં રહેતા સામાન્ય વિદ્યાર્થીઓને ૨૫ થી ૫૦ કિલોમીટર દૂર પડે છે. આ સિવાય બહારગામથી પણ વિદ્યાર્થીઓનો નંબર અમદાવાદનાં સેન્ટરમાં આવ્યો હતો. આમ વિદ્યાર્થીઓનો એક આખો દિવસ બગડ્યો હતો અને કેટલાક વિદ્યાર્થીઓ તો આગલી રાત્રે પણ આવી ગયા હતા. એક્ઝામ સેન્ટર પર વિદ્યાર્થીઓ જોડે અમાનુષી વર્તન થયું હતું જાણે તેઓ ચોર હોય તેમ બહેનોને સોનાની બુટ્ટી, ચુની, ચેન, બુટ, મોજા તથા ભાઈઓને વીંટી, ઘડિયાળ, બુટ, મોજા પણ પહેરીને સેન્ટરમાં પ્રવેશવા દીધા નહતા. એકતરફ આટલી બધી કડકાઈ અને બીજી તરફ પેપર ફૂટવું એ ક્યાંનો ન્યાય?

કોંગ્રેસ માંગણી કરે છે કે, યુજીસી નેટ પરીક્ષા આપેલ વિદ્યાર્થીઓને એનટીએની નિષ્ક્રિયતાનાં ભોગે પેપરમાં ગેરરીતિ થઈ છે માટે વિદ્યાર્થીઓને તેના વળતરરૂપે ૧૦,૦૦૦ રૂપિયા ચૂકવવા જોઈએ અને હવે પછીની પરીક્ષા આપવા માટે પણ ટીએડીએની વ્યવસ્થા કરવી જોઈએ. આ પરીક્ષા આપ્યા બાદ જુનિયર રિસર્ચ ફેલો તરીકે વિદ્યાર્થીઓને ૩૫,૦૦૦ માસિક સરકાર ચૂકવે છે તો તે નુકસાન પણ નવી પરીક્ષામાં કવોલિફાઈડ થાય તે વિદ્યાર્થીઓને જૂની પરીક્ષા મહિના પ્રમાણે ચૂકવવું જોઈએ.

## અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં પાર્ક કરેલ ઓટો રીક્ષાની ચોરી

અમરેલી, તા.૨૦

અમરેલીના મીની કસ્બાવાડ, શેરી નં.૩ માં રહેતા અકરમભાઈ બાબુભાઈ સુમરા નામનાં ૩૦ વર્ષિય યુવકે પોતાની સી.એન.જી. ઓટા રીક્ષા કાળા કલરની નં. જીજે–૦૬– ઝેડઝેડ–૧૬૬૫ કિમત રૂપિયા ૬૦,૦૦૦ ની ઓટા રીક્ષા ગત તા.૧૩ ના સાંજના આશરે સાડા આઠેક વાગ્યાના સમયે અમરેલીમાં રાજકમલ ચોક, ઈન્દિરા શાક માર્કેટવાળી શેરીમાં બીજા માળે આવેલ હારૂનભાઈ આમલેટ વાળાની દુકાન નિચે રોડ ઉપર પાર્ક કરેલ હતી ત્યાંથી કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ અમરેલી પોલીસમાં નોંધાય છે.

## વાવો ભાઈ વાવો હવે તો એક વડનું વૃક્ષ જરૂર વાવો, ભારતનું રાષ્ટ્રીય વૃક્ષ વડલાનાં લાખો ટેટા એ પક્ષીનો પોષ્ટિક ખોરાક



અમરેલી તા. ૨૦

ભારતી સંસ્કૃતિ વિશ્વભરમાં અજોડ છે. આપણે માનીએ છીએ કે જીવજતું, તંતુ, વૃક્ષ વિગેરેમાં પરમાત્માનો વાસ છે. તેની રક્ષા અને નૈસર્ગિક સંતુલન બનાવી રાખવા માટે પશુપક્ષીઓને ઈશ્વરના વાહન તરીકે સ્થાન આપીને તેની રક્ષા કરવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેવી જ રીતે વૃક્ષોને પણ ભારતીય સંસ્કૃતિમાં અનેરૂં સ્થાન આપવામાં આવ્યું છે. આપણી સંસ્કૃતિ વૃક્ષ બચાવ, વૃક્ષ ઉછેર અને વૃક્ષારોપણને મહત્વ આપે છે. વડનું ઝાડ બહુ જ મોટા વિસ્તાર તથા ઘટાદાર હોય છે. તે ઝાડને પૂજય માનેલું છે. વડ સાવિત્રીના વ્રત વખતે કુમારીકાઓ આ ઝાડની પૂજા કરે છે. ગુજરાતમાં નર્મદા નદીના કાંઠે શુકલતર્થ પાસે મોટો જુનો કબીર વડ છે. તેને સાડા ત્રણસો જ વડવાઈઓ છે. અને વડની નીચે પાંચ હજાર માણસો આરામ લઈ શકે છે.

– વડના ઝાડની ડાળીમાંથી વડવાઈઓ ફુટીને જમીન તરફ વધતી જઈ જમીનમાં મૂળ નાખે છે, જેથી વડનો વિસ્તાર વધતો જાય છે.

– વડની વડવાઈનું દાતણ કરવાથી દાંત મજબુત રહે છે, ચોખા થાય છે અને સડતા નથી.

– શારીરિક શકિત મેળવવા પતાસામાં વડનું દૂધ એકઠું કરી રોજ તાજુ ખાઈ જવું.

– ધાતુના વિકારોમાં વડનું દૂધ ઉતમ છે.

– વડનાં પાનનાં પતરાળા બનાવામાં આવે છે. –પૌરાણિક ગ્રંથો અનુસાર વડ વૃક્ષ એ દેવ વૃક્ષ છે.

– દુષ્કાળમાં પણ આ ઝાડ લીલોછમ રહે છે, તેથી આ સમયે પ્રાણીઓ માટે તેના પાંદડાઓ અને તેના ફળ પર રહેવાનું સહેલું છે.

– વડ એ ઓકસીજનનો કુદરતી બાટલો છે. દિવસ હોય કે રાત, વડની નીચે રહેવાથી આપને ભરપુર ઓકસીજનનું પ્રમાણ મળી રહે છે.

– જેઓને શ્વાસની તકલીફ હોય કે પછી ઓકસીજન ઓછું લઈ શકતાં હોય એમણે વડના ઝાડની આસપાસ જરૂર રહેવું જોઈએ.

– વડના મૂળ, તેની કોમળ કે રૂક્ષ વડવાઈઓ, તેના કુણા પાન તેમજ તેનાં થડ અને વડવાઈઓમાંથી ઝરતું ક્ષાર જેવું દુધ, વડવાઈ, છાલ, શુંગ અને મૂળ એમ દરેક અંગોને દવા તરીકે કામ લઈ શકાય છે.

– આ ઝાડાના પંચગવ્ય એટલે ફુલ, ફળ, પાન, છાલ અને થડ દ્વારા અનેક રોગોનું નિદાન કરવામાં આવે છે.

હિન્દુ ધર્મમાં ઘણા વૃક્ષ એવા છે જેમને પુજનીય માનવામાં આવે છે. તેનું કારણ પણ છે. કારણ કે અનેક ઝાડ છોડ ફુલ અને વૃક્ષોની જડમાં વિવિધ દેવતાઓ અને ગ્રહોનો વાસ માનવામાં આવે છે. અને તેમના દ્વારા જીવનની અનેક પરેશાનીઓ કષ્ટોથી મુકિત મેળવી શકાય છે. આવુ જ એક ખાસ ઝાડ છે વડ. તેને વટવૃક્ષ પણ કહેવામાં આવે છે. વડના વૃક્ષને જયોતિષ અને તાંત્રિક ગ્રંથો સાથે આયુર્વેદમાં પણ મહત્વનું સ્થાન પ્રાપ્ત છે. કારણ કે વડનું ઝાડ એ દિર્ઘજીવી વૃક્ષ તરીકે જાણીતું છે. આ ઝાડ ત્રિમૂર્તિનું પ્રતીક છે, તેની છાલમાં ભગવાન વિષ્ણુ, મૂળમાં બ્રહ્મામજી અને ડાળીઓમાં મહાદેવ શિવનો વસવાટ રહેલો છે તેવું માનવામાં આવે છે. જેમ પીપળના ઝાડ નેને વિષ્ણુજીનું પ્રતિક માનવામાં આવે છે, તેવી જ રીતે વડને શીવ માનવામાં આવે છે. તે પ્રકૃતિની રચનાનું એક મહત્વનું પ્રતીક છે, સંતાનની મનોકામના કરતા લોકો તેની પૂજા કરે છે. તે લાંબા સમય સુધી જીવે છે. તેથી તેને "અક્ષ્યાવત" પણ કહેવામાં આવે છે. તેના વૈજ્ઞાનિક કારણોસર પણ અનેક ઘણું મહત્વ છે. તેનો પડછાયો સીધું આપણાં મન ઉપર અસર કરે છે, અને મનને શાંત રાખે છે. દુષ્કાળમાં પણ આ ઝાડ લીલોછમ રહે છે, તેથી આ સમયે પ્રાણીઓ માટે તેના ફળ પર રેહવાનું સહેલું છે. વડ એટલું બધું ઘટાદાર વૃક્ષ છે કે તેનો છાંયડો આજના સમયમાં લોકો અને પ્રાણીઓ માટે આશીર્વાદ રૂપ બની રહે છે. એક માન્યતા અનુસાર વડ સાવિત્રીની પૂજામાં સત્યવાનને જીવન દાન વડના ઝાડની નીચે સૂવડાવ્યા બાદ જ મળ્યું હતું. તેથી. પૃથ્વી ઉપર આ વૃક્ષ છે વરદાન રૂપ છે. આ વૃક્ષ અમરપટો લઈને આવે છે. તે નાશવંત વૃક્ષ કહેવાય છે. તેનું વનસ્પતિ નામ ફિકસ બેંગહેલેન્સિસ છે.

ઘેઘુર વડ વરસાદ સારો લાવે છે. સાથે સાથે અનેક પક્ષીઓનું આશ્રયસ્થાન પણ હોય છે. વડનું વૃક્ષ છે કે જે આપ મેળે ફેલાઈને બહાર આવી નવું વૃક્ષ પેદા કરતું હોય છે. વટસા વિત્રી વ્રતમાં વડ વૃક્ષનું મહત્વ વિશેષ કરીને તેથી જ છે. વડને સૂતરના તાંતણા વડે રક્ષાસુત્ર બાંધવામાં આવે છે. રષ્ટ્રીય વૃક્ષ વડની સંખ્યા વધે તે માટે કેન્દ્ર અને રાજય સરકાર પ્રયાસ કરી રહી છે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રિય વડના વૃક્ષના 'નમો વડ વન' રાજયમાં ૩૩ જીલ્લામાં ૭૫ સ્થળોએ ઉભાં કરાયા છે. પ્રત્યેક 'નમો વડ વન'નું નિમાર્ણ ૭૫ વડવૃક્ષ વાવેતર દ્વારા પર્યાવરણ શુદ્ધિ–સ્વચ્છ હવા–કુદરતી ઓકિસજન મેળવવા માટે થયું છે.

**–મિતલ ખેતાણી મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯**

### NEET પરીક્ષાનાં કૌભાડથી ૨૪ લાખ વિદ્યાર્થીઓ પરેશાન

## અમદાવાદ ખાતે NEET કૌભાંડ વિરૂધ્ધ કોંગ્રેસની આજે મહારેલી

### મુન્નાભાઈ એમબીએસ જેવા ડોકટર બને તો આફત સર્જાશે

અમદાવાદ, તા. ૨૦

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસ વાર્તાને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં કાર્યકારી પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ગોહિલે કેન્દ્રની ભાજપ સરકારને NEET ની પરીક્ષામાં ગેરરીતિ તથા પેપરલીકનાં મુદ્દે ગંભીર સવાલો કર્યા હતા. NEETની પરીક્ષા આપનાર ૨૪ લાખ વિદ્યાર્થીઓનું ભાવી અંધકારમય થઈ ગયું હોય ત્યારે ભાજપ ઈસરકાર વિદ્યાર્થીઓ માટેનું પોતાનું સ્ટેન્ડ જાહેર કરે. NEETની પરીક્ષાનું રજીસ્ટ્રેશન થયું એ દિવસથી જ સમગ્ર પ્રક્રિયા શંકાસ્પદ રહી છે. NEETની પરીક્ષાનું રજીસ્ટ્રેશનથી લઈ પરીક્ષાનાં ખ પરિણામ સુધી ઘણા શંકાસ્પદ નિર્ણયો સરકાર દ્વારા લેવામાં આવ્યાં છે. NEETની પરીક્ષામાં ભાજપ શાસીત રાજયોમાં મોટા પ્રમાણમાં ગેરરીતિઓ સામે આવી છે. NEET પરીક્ષાના રજીસ્ટ્રેશનની તારીખમાં ખાસ કિસ્સામાં રજીસ્ટ્રેશન વીન્ડો ખોલવામાં આવી ત્યારબાદ પરિણામની તારીખ જે નક્કી કરવામાં આવી તે પણ દેશમાં થનાર ચૂંટણીના પરિણામના દિવસે જ નક્કી કરવામાં આવી હતી. તે પણ શંકાના દાયરામાં હતી. NTA ગ્રેસીંગ માર્કસનાં નામે ગુમરાહ કરી બિહારના પટનામાં ૧૭ લોકોની ધરપકડના વિષયમાં કેમ ચુપ છે ? શું આ ૧૭ લોકોની ધરપકડ NEETની પરીક્ષાનાં પેપર લીંક મુદ્દે થઈ છે ? સરકાર સ્પષ્ટતા કરે. અને જો પેપર લીંક થયું હોય તો તાત્કાલીક પરિણામને રદ કરી ફરીથી પરીક્ષા લેવામાં આવે જેથી નિર્દોષ અને હોનહાર વિદ્યાર્થીઓને ન્યાય મળી શકે. NTA દ્વારા ગ્રેસ માર્કસ અપાયા ત્યારે પ્રશ્નએ ઉભો થાય છે કે NEET નાં બ્રોસર અને સરકારી સુચનાઓમાં ગ્રેસ માર્કસની કોઈ જોગવાઈ નથી તો ક્યાં આધારે ગ્રેસમાર્કસ આપવામાં આવ્યાં? શું કેન્દ્ર સરકાર દ્વારા આ અંગે જાહેર નોટીસ કે જાહેરાત આપવામાં આવી હતી?

ગુજરાત રાજયમાં અનેકવાર સરકારી ભરતી પ્રક્રિયામાં પેપર લીંક અને પેપરની ગેરરીતિનાં કિસ્સાઓ સામે આવ્યાં છે. NEETની પરીક્ષામાં પણ ક્યાંકને ક્યાંક કૌભાંડનાં તાર ગુજરાતમાં મળે છે. ગુજરાતના ગોધરા ખાતે એક શાળામાં NEETની પરીક્ષાનું કૌભાંડ પકડાયું, તે કેટલા સમયથી ચાલી રહ્યું છે તેની તપાસ થવી જોઈએ. માલેતુજારનાા છોકરાઓને ડોક્ટર બનાવવાના કેભાંડ અંગે શિક્ષણ વિભાગ કેમ મેન છે? ગુજરાતમાં ગોધરા સહિતની શાળા અને કોચીંગ ઈન્સ્ટીટ્યુટ સહિત મુદ્દે બીજા ક્યાં ક્યાં મોટા માથાઓ સંકળાયેલા છે તેની તપાસ થવી જોઈએ. બીજી કઈ શાળાઓમાં ગોઠવણ–ગેરરીતિ ચાલતી હતી. તેની પણ તપાસ થવી જોઈએ. આજ પ્રકારે NEET જેવી પરીક્ષાઓમાં કૌભાંડ કરીને ડોક્ટર બનાવાશે તો મુન્નાભાઈ એમ.બી.બી.એસ. જેવા ડોક્ટરો જોવા મળે તો નવાઈ નહીં. પરીક્ષા પે ચર્ચા, ચાય પે ચર્ચા, મન કી બાત કરનારા દેશનાં પ્રધાન મંત્રી NEETનાં કૌભાંડ ઉપર ક્યારે ચર્ચા કરશે તે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સવાલ કરે છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા NEETની પરીક્ષાનાં કૌભાંડમાં રાષ્ટ્રીય વ્યાપી આંદોલન કરવામાં આવશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આવતી કાલે તા. ૨૧/૬/૨૦૨૪ ના રોજ ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ અને એન.એસ.યુ.આઈ. (NSUI) ના નેતૃત્વમા ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ખાતે NEET પરીક્ષાના કૌભાંડ વિરૂપ્રધ કાર્યક્રમ આપવામાં આવશે. પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડા. મનિષ દોશી, ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા, પ્રદેશ પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડીયા, કોંગ્રેસ આગેવાન એસ.એ. કાદરી ઉપસ્થિત રહ્યાં હતાં.

## અમરેલીના એડવોકેટ અજીમ લાખાણીનો આજે જન્મ દિવસ



### જન્મદિને લાખાણી ઉપર અભિનંદનની વર્ષા



અમરેલી, તા. ૨૦

આજ રોજ યુથ વિંગ કન્વીનર–ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડરેશન સૌરાષ્ટ્ર ઝોન, પ્રમુખ – સૌરાષ્ટ્ર લાઈફ લાઈન એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, સેક્રેટરી–અભિયાન સેવા ટ્રસ્ટ, ઉપપ્રમુખ – ભાજપ અમરેલી જિલ્લા લઘુમતી સેલ, કો–ઓડિનેટર– સોસાફયટી ફોર બ્રાઈટ ફયુચર, એડવોકેટ અજીમ લાખાણીનો જન્મ દિવસ હોઈ અને લોકો માટે પડતી મુશ્કેલીમાં હંમેશા સાથે રહેનાર, શિક્ષણ ક્ષેત્રની સાથો સાથ આરોગ્યને લગતી કોઈપણ તકલીફ કે મદદની જરૂર હોય તો ત્યાં પણ સેવા અર્થ પોહચી વળે છે. આ સિવાય ગરીબ દર્દીઓને ફ્રુઠ વિતરણ દવા પુરી પાડવાની મૂક મને થતી સેવા પણ સમગ્ર સમાજ માટે પ્રેરણા રૂપ છે. સ્થાનિ લેવલે સેવા કરતી અનેક સંસ્થા સાથે પણ સંકળાયેલા હોવા ના કારણે વિશાળ મિત્ર વર્તુળ ધરાવે છે અને તમામ ક્ષેત્ર તમામ સમાજના લોકો સાથે પોતે ધરોબો ધરાવે છે અને અનેક સંસ્થા સાથે જોડાય ને સેવા અર્થ પોહચી વરેલ. તેવો આજે પણ સેવા કાર્ય સાથે સાદગીભર જન્મદિવસની ઉજવણી કરશે. આ સગા સ્નેહી ઓ રાજકીય અગ્રણી ઓ આજ તેમના જન્મદિનની શુભકામનાં પાઠવી રહ્યા છે.

# સાવરકુંડલા : સાંસદ બન્યા બાદ પ્રથમ સાવરકુંડલાના અમૃત સરોવરનું ખાત મુહુર્ત કરતા ભરત સુતરીયા અને ધારાસભ્ય કસવાલા



સાવરકુંડલા શહેરમાં હરવા ફરવા લાયક એકમાત્ર જાહેર જનતા બાગ સિવાય કશું ના હોવાથી સાવરકુંડલા માં આવતા મહેમાનો અને સાવરકુંડલા વાસીઓને વાર તહેવારે કે રવિવારે ક્યા જવું તેની મુશ્કેલીઓનો અંત ટુંક સમયમાં આવશે કેમ કે નિષ્ઠાવાન ધારાસભ્ય મહેશ કસવાળાની શહેરીજનો પ્રત્યેની લાગણીઓ અને વિકાસ તરફની રાજય સરકારની સંવેદનશીલતાને લઈને સાવરકુંડલા મહુવા બાયપાસ ખાતે આવેલ પ્રખ્યાત આકાશી મેલડી મંદિર અને લીલાપીર નજીક નો ભેસાણ ડેમ સાઈટ પર ૫ કરોડના ખર્ચે અમૃત સરોવર બનાવવાના આજે અમરેલીના સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાળાના વરદહસ્તે ખાત મહૂર્ત કરવામાં આવેલ હતું સાવરકુંડલા શહેરને નવું નજરાણું મળી રહે અને અમરેલી જિલ્લા માંથી અમૃત સરોવર નિહાળવા લોકો આવે તેવું અદભુત અમૃત સરોવર ૫ કરોડના ખર્ચે બનવા જઈ રહ્યું હોય જેના ખાત મુર્હૂત પ્રસંગે જ સાંસદ સુતરીયા અને ધારાસભ્ય કસવાળાએ વધુ એક વિકાસની ભેટ સાવરકુંડલા શહેર તાલુકાની જનતા માટે આપી હોવાની પ્રતીતિ શહેરીજનો કરી રહ્યા હતા ને ખાત મુહર્ત પ્રસંગે મોટી સંખ્યામાં શહેરના પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા તેમજ નગરપાલિકા હોદ્દેદારઓ, ચેરમેનઓ, સદસ્યો, જિલ્લા ભાજપ હોદ્દેદારઓ, શહેર ભાજપ, તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારઓ, તાલુકા પંચાયત હોદ્દેદારશ્રીઓ, સદસ્ય સાવરકુંડલાના પ્રતિષ્ઠિત મુખ્ય આગેવાનો બહોળી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા

# સાવરકુંડલા પ્રાંત કચેરી ખાતે પ્રિમોનસુન કામગીરી અંગે પ્રાંત અધિકારી અને ધારાસભ્ય કસવાલાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ





ચોમાસાની સીઝન હાલ શરૂ થઈ ગયેલછેત્યારેરોડ, રસ્તા, વિજળીની લોકહિતાર્થે જાળવણી બાબતે સાવરકુંડલાપ્રાંતકચેરીખાતેમિટીંગ યોજાયેલ હતી જેમાં પ્રાંત અધીકાર ભાલાળામેડમતથાહોનહારજાગૃત ધારાસભ્યમહેશભાઈ કસવાલાના અધ્યક્ષ સ્થાને મિટીંગ મળી હતી. આ મિટીંગમાંઆરોગ્ય, રોડ, રસ્તા, વિજ પ્રશ્નોજેવાતાર્તીકમુદ્રાઓનેખાસધ્યાને લેવામાં આવેલ હતા. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએઆમિટીંગમાં જુનીજર્જરીતઈમારતોદુરકરવા, શહેરી વિસ્તારમાં વરસાદ કારણે ભરાતા પાણીના નિકાલ માટે આગોતરૂ આયોજનકરવાનગરપાલિકાનેજરૂરી સુચાનોઆઆપીહતીતથામાર્ગમકાન વિભાગનેવરસાદીવાવાઝોડાનાંકારણે રોડરસ્તાઓબંધનથાયતેમાટેતાકીદ કર્યાહતાઅનેનદીઓમાંપૂરઆવવાના કારણેકોઈજાનમાલનીનુકશાનીનથાય તેમાટેવહીવટીતંત્રનેજરૂરીપગલાલેવા બાબતે તાકીદ કર્યા હતા.આ સાથે મામલતદાર અને ટી.ડી.ઓ શેત્રુજી નદીનાકાંઠાનાગામોનેસાવચેતરાખવા તેમજપુરનાકારણેઅસરકરતાગામોના લોકોનેઆશ્રયઆપવામાટેનાઆશ્રય સ્થાનોનકકીકરીરાખવાબાબતેચર્ચા કરી હતી. તેમજ ખુબજ જરૂરી એવુ પી.જી.વી.સી.એલ વિભાગને ચોમાસાનીસિઝનદરમ્યાનવિજપુરવઠો બંધ ન થાય તે માટે વિજ પોલ, તારની મરામતકરવીઉપરાંતવિજતારપસાર થતા હોય તે જગ્યા ઉપરના ઝાડવાનું કટીંગકરવુવગેરેબાબતનેધારાસભ્ય કસવાલાએ ચર્ચા કરી હતી. તેમજ સિંચાઈ વિભાગને મામલતદાર અને ટી.ડી.ઓ સાથે સંકલન કરી સ્ટેટ હસ્તકના ડેમની સલામતી તેમજ ડેમ ઓવરફલોના કાણે નીચાણવાળ વિસ્તારોનેસાવચેતકરવાઅનેનદીના પટમાંઅવરજવરનથાયતેમાટેનીકાળ જીરાખવી, નાનીસિંચાઈયોજનાતળ ના ગ્રામ્ય કક્ષાએ આવેલા તળાવો, ચેકડેમોનેજરૂરીમરામતકરવીતેમજ ગામ લોકોને સાવચેત કરવા અને આરોગ્ય વિભાગને ભારે વરસાદના કારણે રોગચાળોનો ન ફેલાય તે માટે જરૂરીદવાઓઉપલબ્ધરાખવબાબતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અનેનગરપાલિકાપ્રમુખમેહુલભાઈ ત્રિવેદીએલોકઉપયોગીચર્ચાઓકરી હતી તેમજ સત્વ ''અટલધારા'' કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હિરપરાની અખબાર યાદીમાં જણાવાયુહતુ.

## અમરેલીનાં વાંકીયા ગામે ખેડૂતનાં રહેણાંક મકાનમાંથી ૬૦ હજારની ચોરી

અમરેલી, તા.૨૦

અમરેલી તાલુકાના વાંકીયા ગામે રહેતા ઘનશ્યામભાઈ છગનભાઈ રાદડીયા નામનાં ૫૦ વર્ષિય ખેડૂત ગત તા. ૩ ના રોજ સવારના આશરે સાતેક વાગ્યે પોતાના રહેણાંક મકાને તાળુ મારીને વાડીએ ગયેલ હતા અને સાંજના આશરે સાતેક વાગ્યે પોતાના ઘરે આવેલ. તે દરમ્યાન કોઈ અજાણ્યો ચોર ઈસમ ખેડૂતના રહેણાંક મકાને મારેલ તાળાઓ તોડી ઘરમાં રહેલ સુટકેસમાં રાખેલ રોકડા રૂા. ૬૦,૦૦૦ની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાઈ છે.

## કોટડાપીઠા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા મેલેરિયા વિરોધી જુન માસની ઉજવણી કરવામાં આવી



કોટડાપીઠા, તા. ૨૦

પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર કોટડાપીઠા દ્વારા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી સાહેબ તેમજ જીલ્લા મેલેરીયા અધીકારી વીરોધી જુન માસની ઉજવણી કરવામાં આવી. મેલેરિયા રોગ અટકાવવા માટે વાવડા ગામે ગુરૂ શીબીર, પત્રીકા વિતરણ અને જનજાગૃતિ અભીયાનનું પણ આયોજન કરવામાં આવલું જુન માસ મેલેરિયા વિરોધી માસ તરીકે ઉજવણીના ભાગરૂપે પ્રાથમિક શાળા વાવડામાં નીરવભાઈ મકવાણા -મ.પ.હે.વ. વાવડા દ્વારા મચ્છર ઉત્પતિ અને લાઈફ સાયકલ અંગેનાં પ્રોજેકટ દ્વારા વિદ્યાર્થીઓને તે અંગેની સમજણ આપી અને જાગ્રૃત કરેલા તેમજ મચ્છર દ્વારા ફેલાતા રોગોથી બચવાના ઉપાયો, ખાડા ખાબોચીયામાં માટી કામથી પુરાણ કરાવવું મચ્છર દાનીમાં સુવાની ટેવ પાડવી, પાણી ભરેલા પાત્રો હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવા દર ત્રીજા દિવસે વિછળી અને તપાવીને પછી પાણી ભરવું જુના ટાયર ભંગાર વગેરેનો નાસ કરવો, સાંજના સમયે બારી બારણા બંધ રાખવા અને લીમડાનો ધુમાડો કરવો, તાવ આવે એટલે તુરતજ લોહીની તપાસ કરાવી પછી જ દવા લેવી વગેરેની માહિતી સુપરવાઈઝર મેહુલભાઈ દ્વારા આપવામાં આવેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અશ્વિનભાઈ તોગડિયા આચાર્ય, પ્રાથમિક શાળા વાવડા અને પ્રા.આકેન્દ્ર કોટડાપીઠાની ટીમ દ્વારા ખુબજ જહેમત ઉવાવામાં આવી હતી. તેમ મેડીકલ ઓફીસર પ્રા.આકેન્દ્ર કોટડાપીઠા ની યાદીમાં જણાવેલ છે.


માત્ર ૨૦ જ મીનીટમાં...
ફકત ૯.૯૦ ના વાર્ષિક
વ્યાજ દરે અને સરળ પ્રક્રિયા
દ્વારા ગોલ્ડ લોન
A.P.C.C.S
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ.
સોસાયટી લી. - અમરેલી
'પીપલ્સ ભવન', ફુટ માર્કેટ, પ્રથમ માળ, ઈન્દીરા
શોપીંગ સેન્ટર, અમરેલી.
કોન્ટેકટ નંબર-૦૨૭૯૨-૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪









ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે
આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં
ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦






જોઈએ છે...:
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
મિકેનીક...... ૩
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪









# સાવરકુંડલાનાં વોર્ડ-૭ માં વિકાસ કાર્યોનો ધમધમાટ



સાવરકુંડલા નગર પાલીકા દ્વારા શહેરના વિકાસ માટે કાર્યો ચાલુ છે. આજે, નગરપાલિકા દ્વારા વોર્ડ નંબર-માં આવેલ ટેક્ષી સ્ટેન્ડ વિસ્તારમાં પેવિંગ બ્લોક રોડનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યુ છે. આ પ્રોજેકટના કામ પુર્ણ થયા પછી, ટેક્ષી સ્ટેન્ડ વિસ્તારમાં વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ થશે અને યાતાયાત વધુ સુગમ બનશે.

વોર્ડ નંબર-૭ના પ્રતિનિધિ સોહીલ શેખ અને નગરસેવક આસિફ કુરેશી દ્વારા તકદીર પાન પાસે વરસાદી પાણી ભરાવાના મુદાની રજુઆત કરવમાં આવી હતી. આ મુદાને ગંભીરતાથી લેતા, નગરપાલિકા પ્રમુખ મહુલભાઈ ત્રિવેદી અને ચિફ ઓફિસર બોરડ સાહેબે સ્થળનિરીક્ષણ કર્યુ અને આ સમસ્યાનો ઝડપથી ઉકેલ લાવવા માટે આયોજન કર્યુ છે.

નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી આજુબાજુ રહેતા રહીશો સાથે ચર્ચા કરી વર્ષો જુનો પ્રશ્ન જે વરસાદી પાણી ભરાય છે તેનું નિરાકરણ કરવામાં આવ શેઅને શહેરના નાગરિકોને ખાતરી આપી કે નગરપાલિકા શહેરના સર્વગ્રાહી વિકાસ માટે પ્રતિબદ્ધ છે અને આગામી દિવસોમાં પણ વિવિધ વિકાસના કાર્યો હાથ ધરવામાં આવશે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉજવણીમાં સહભાગી થશે

# ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી નડાબેટ ખાતે થશે

### રાજ્યભરમાં યોજનારા કાર્યક્રમોમાં રાજ્ય મંત્રીમંડળના સભ્યો, સાંસદો, ધારાસભ્યો પણ સહભાગી થશે

ગાંધીનગર, તા.૨૦

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, વિશ્વભરમાં દર વર્ષે ૨૧મી જૂનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે સમગ્ર વિશ્વ, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ " સ્વયં અને સમાજ માટે યોગ "ની થીમ પર ઉજવણી કરાશે. રાજ્ય સરકાર દ્વારા પણ રાજ્ય ભરમાં યોગ દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

મંત્રી સંઘવી એ ઉમેર્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્યકક્ષાનો કાર્યક્રમ સૌપ્રથમ વખત ભારત-પાકિસ્તાન સરહદે આવેલ નડાબેટમાં યોગ અને રાષ્ટ્રભક્તિના સંયોજનથી રાજ્ય સરકારના માધ્યમથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને BSFના સહ આયોજનમાં આ વર્ષનો મુખ્ય કાર્યક્રમ યોજાશે. રાજ્યભરમાં ૮ મહાનગરપાલિકાઓ, ૩૨ જિલ્લાઓ તથા ૨૫૧ તાલુકા, ૨૦ નગરપાલિકા એમ કુલ ૩૧૨ મુખ્ય સ્થળોએ યોગ દિવસની ઉજવણી માટે સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. ગ્રામ પંચાયતથી મહાનગરપાલિકા સુધી શાળા, કોલેજ, આઈ.ટી.આઈ., જેલ, આરોગ્ય અને પોલીસ વિભાગો સહીતના તમામ વિભાગો યોગમય બનશે. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ગોટલીયા ગાર્ડન, સિંધુભવન, અમદાવાદ ખાતે, કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવીયા દિલ્હી ખાતે, કેન્દ્રીય જલશકિત મંત્રી સી.આર.પાટીલ સુરત ખાતે અને ગ્રાહક બાબતોના કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયા દિલ્હી ખાતે યોજનાર કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી યોગસાધનામાં જોડાશે.

મંત્રીશ્રી એ ઉમેર્યું કે, મુખ્યમંત્રીએ ૨૧મી જૂને યોજનારા ૧૦મા આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીને સવા કરોડ લોકોની સહભાગીતાથી ભવ્ય બનાવવાનો નિર્ધાર કર્યો છે. રાજ્યકક્ષાના કાર્યક્રમમાં વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી તથા મંત્રીઓ ઉપસ્થિત રહેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સવારે ૦૬:૩૦ કલાકે તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સવારે ૦૬:૪૦ કલાકે આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં પ્રેરક સંબોધન કરશે અને તેનું સમગ્ર રાજ્યમાં જીવંત પ્રસારણ પણ કરવામાં આવશે. આખું વિશ્વ વિશાળ જન ભાગીદારી સાથે યોગ દિવસની ઉજવણી કરવાનું છે ત્યારે ગુજરાતના નાગરિકો 'યોગમય ગુજરાત' અભિયાનમાં સહભાગી થશે. રાજ્યભરમાં યોજનાર આ કાર્યક્રમોમાં રાજ્યમંત્રી મંડળના સભ્યો, સાંસદશ્રીઓ, ધારાસભ્ય શ્રીઓ સહિત પદાધિકારીઓ અને અનેક મહાનુભાવો પણ સહભાગી થશે.

તેમણે કહ્યું કે, યોગ એ આપણી ભારતીય સંસ્કૃતિની દેન છે. પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી "યોગ વિદ્યા" ને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સંયુકત રાષ્ટ્રસંઘની ૬૮મી સામાન્ય સભા સમક્ષ ૨૧મી જુનને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજુર કરવામાં આવેલ. જેના ભાગરૂપે સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧ મી જુનના દિવસને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે.

તેમણે ઉમેર્યું કે, ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા ફકત એક જ દિવસ યોગ દિવસની ઉજવણી ન કરતા સમગ્ર વર્ષ દરમિયાન અલગ અલગ કાર્યક્રમો કરી દરરોજ યોગ દિવસ તરીકે ઉજવી સુર્ય નમસ્કાર કાર્યક્રમ, યોગ સ્પર્ધા, બાળકો માટે સમર યોગ કેમ્પ, કાઉન્ટ ડાઉન કાર્યક્રમો, સાંસદ યોગ સ્પર્ધા, યોગ શિબિરો, યોગ જાગરણ રેલી જેવા કાર્યક્રમો દ્વારા છેવાડાના માનવી સુધી યોગ પહોંચે તે માટેના તમામ પ્રયત્નો કરવામાં આવ્યા છે.

અગાઉના વર્ષોમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસના રાજ્યમાં મળેલી ભવ્ય સફળતા અને ગુજરાતે સ્થાપેલા નવા વર્લ્ડ રેકોર્ડ્સની જેમ જ આગામી યોગ દિવસમાં પણ નવા કીર્તિમાન સ્થાપવામાં ગુજરાત અગ્રેસર રહેશે.

### મની લોન્ડરિંગ કેસમાં મોટી રાહત

# દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ફરી મળ્યા જામીન

### કોર્ટે એક લાખ રૂપિયા બોન્ડના બદલામાં કેજરીવાલને જામીન આપ્યા : શુક્રવારે તિહાડ જેલમાંથી બહાર આવી શકે છે

નવી દિલ્હી, તા.૧

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ફરીથી જામીન મળ્યા છે. અગાઉ તેમને ચૂંટણીમાં પ્રચાર માટે ૨૧ દિવસના જામીન મળ્યા હતા. ૨૦મી જૂને રાઉઝ એવેન્યુ કોર્ટે અરવિંદ કેજરીવાલને જામીન આપ્યા છે. દિલ્હીના ઝસ અરવિંદ કેજરીવાલને ગુરુવારે દારૂનીતિ કૌભાંડ કેસ મામલે રાહત મળી ગઈ છે. કોર્ટે એક લાખ રૂપિયા બોન્ડના બદલામાં કેજરીવાલને જામીન આપ્યા હતા. જોકે EDએ આ જામીનનો વિરોધ કરવા માટે ૪૮ કલાકનો સમય માંગ્યો હતો. જેના પર કોર્ટે કહ્યું હતું, કે દલીલો આવતીકાલે ડ્યુટી જજની સામે પણ કરી શકાય છે. નોંધનીય છે કે ગુરુવારે મોડી સાંજે આ આદેશ આવ્યો હોવાથી કેજરીવાલ શુક્રવારે તિહાડ જેલમાંથી બહાર આવી શકે છે. નોંધનીય છે કે EDએ દારૂનીતિ કૌભાંડ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આરોપી બનાવ્યા હતા અને બાદમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. લોકસભા ચૂંટણીમાં પ્રચાર માટે તેમને જેલમાંથી બહાર આવવાની છૂટ આપવામાં આવી હતી. જોકે ચૂંટણી પ્રચાર સંપન્ન થયા બાદ સરેન્ડર કરવાનો આદેશ પણ કોર્ટ દ્વારા આપવામાં આવ્યો હતો. હવે કેજરીવાલને રેગ્યુલર જામીન મળી ગયા છે. કોર્ટના આદેશ બાદ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓમાં ખુશીની લહેર જોવા મળી હતી.

### NEET લીક કાંડમાં નવા નવા ખુલાસાં થઈ રહ્યાં છે

# એક આરોપીએ ખુલાસો કર્યો છે તેને પરીક્ષાની આગલી રાતે બેઠેબેઠું પેપર મળી ગયું હતું

### જે લોકોને પરીક્ષાની આગલી રાતે નીટનું પેપર મળ્યું હતું તેમના માર્ક્સની વિગતો સામે આવી છે

નવી દિલ્હી, તા.૨૦

નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET) પેપર લીક કાંડ પર દેશમાં ઘમાસાણ મચેલું છે. જે લોકોને પરીક્ષાની આગલી રાતે નીટનું પેપર મળ્યું હતું તેમના માર્ક્સની વિગતો સામે આવી છે. પેપર લીક કેસમાં ધરપકડ કરાયેલા ચાર લોકોમાં સામેલ અનુરાગ યાદવે પોલીસને જણાવ્યું છે કે તે કોચિંગ હબ કોટામાં મેડિકલ એન્ટ્રન્સ ટેસ્ટની તૈયારી કરી રહ્યો હતો ત્યારે તેના કાકા સિકંદરે તેને સમસ્તીપુર (બિહાર) પાછા જતાં રહેવાનું કહેતા બોલ્યાં કે તેણે પરીક્ષા પાસ કરી છે એવું માનજે. તેને પરીક્ષાની આગલી રાત્રે કેટલાક પ્રશ્નો અને તેના જવાબો મળ્યા હતા જે બીજા દિવસે યોજાયેલી પરીક્ષામાં બેઠેબેઠા તેવા જ હતા. નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા જારી કરાયેલ અનુરાગનું સ્કોરકાર્ડ દર્શાવે છે કે તેણે ૭૨૦ માંથી ૧૮૫ ગુણ મેળવ્યા છે. તેનો કુલ પર્સેન્ટાઈલ સ્કોર ૫૪.૮૪ છે. પરંતુ વ્યક્તિગત વિષયોમાં તેના સ્કોર્સ પર નાખતાં મોટી ખામી જોવા મળી હતી.

અનુરાગને ફિઝિક્સમાં ૮૫.૮ પર્સન્ટાઈલ અને બાયોલોજીમાં ૫૧ પર્સન્ટાઈલ મળ્યાં હતા અને કેમિસ્ટ્રીમાં ફક્ત ૫ ટકા જ. આ સ્કોરબોર્ડ પરથી એક વાત નક્કી કે તેને કેમિસ્ટ્રીની તૈયારી કરવાનો પૂરતો સમય મળ્યો નથી. જેમને પેપર મળ્યું હતું તે ૩ આરોપીઓમાંથી બાકીના ૩નો સ્કોર પણ સામે આવ્યો છે જેમાંના એકને ૭૨૦માંથી ૩૦૦ મળ્યાં હતા પરંતુ અંગત સ્કોર શંકા પેદા કરે તેવો છે તેને બાયોલોજીમાં ૮૭.૮ પર્સેન્ટાઈલ પરંતુ ફિઝિક્સ અને કેમિસ્ટ્રીમાં ૧૫.૫ અને ૧૫.૩ મળ્યાં હતા. બાકીના બે વિદ્યાર્થીઓમાં એકને ૭૨૦માંથી ૫૮૧ અને બીજાને ૪૮૩ માર્ક્સ મળ્યાં હતા.

બિહારનો સિકંદર યાદવેન્દુ પેપર લીકનો મુખ્ય સૂત્રધાર છે. સિકંદર યાદવેન્દુએ પોલીસને જણાવ્યું છે કે તેણે ચાર વિદ્યાર્થીઓનો અમિત આનંદ અને નીતિશ કુમાર સાથે કોન્ટેક્ટ કરાવી આપ્યો હતો. વધારે લાલચને કારણે મેં દરેક વિદ્યાર્થી પાસેથી પેપરના બદલામાં ૪૦-૪૦ લાખ માગ્યા હતા.

### બૌદ્ધ સમુદાય મુદ્દે ખોટો ઉલ્લેખ કરાયો હોવાનો આક્ષેપ

# ધોરણ ૧૨ના પુસ્તકમાં છબરડો: બૌદ્ધ ધર્મ વિષે માહીતી મુદ્દે મુખ્યમંત્રીને રજૂઆત

### સમાજશાસ્ત્રના પાઠય પુસ્તકમાં થયેલ છબરડા વિષે બૌદ્ધ ધર્મની ખોટી માહિતી છાપવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે

અમદાવાદ,તા.૨૦

ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના પૂર્વ મેમ્બર મૂળચંદ રાણા દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખવામાં આવ્યો છે. આ પત્રમાં લખવામાં આવ્યું છે કે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા ધોરણ ૧૨ના સમાજ શાસ્ત્ર વિષયના પ્રકરણ ૨માં ભારતીય સંસ્કૃતિ અને સમુદાય વિષે બૌદ્ધ સમુદાય મુદ્દે ખોટો ઉલ્લેખ કરાયો હોવાનો આક્ષેપ કર્યો છે. બુદ્ધ ધર્મમાં બે સ્તર છે. જેમાં ઉચ્ચ સ્તરના બૌદ્ધમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને અમુક કક્ષાના ગૃહપતિઓ છે, જ્યારે નિમ્ન સ્તરમાં બુદ્ધ ધર્મમાં ધર્માન્તરિત થયેલા આદિવાસીઓ અને સીમાંત સમૂહો છે. સારનાથ, સાંચી અને બૌદ્ધિ ગયાના બુદ્ધ ધર્મના મહત્વના કેન્દ્રો છે. તેમના ધર્મગુરુ લામા તરીકે ઓળખાય છે. તેમના ધર્મસ્થાનમાં વિશે વિલ હોય છે. બૌદ્ધ ધર્મ સ્થાને બૌદ્ધ મંદિર તરીકે ઓળખાય છે. તેમનું ધર્મ પુસ્તક ત્રિપિટક છે. તેમજ તેઓ કર્મ અને પુનઃ જન્મમાં માને છે."જ્યારે મૂળચંદ રાણાએ લખ્યું છે કે બૌદ્ધ ધર્મમાં સામાજિક વાડાબંધી નથી. બૌદ્ધ ધર્મમાં દુનિયામાંથી દરેક સામાજિક વર્ગના અનેક લોકો જોડાયેલા છે. ફક્ત તિબેટીયન વિસ્તારમાં બૌદ્ધ ધર્મ ગુરુ લામા તરીકે ઓળખાય છે, અને વિશ, વિલ એક તિબેટીયન સ્થાનિક પરંપરા છે અને વિશાળ બૌદ્ધ ધમ્મ સાથે કોઈ જ શાસ્ત્રોક સંબંધ નથી. બૌદ્ધ ધમ્મ સ્થાનો બૌદ્ધ વિહાર તરીકે ઓળખાય છે અને કર્મ-પુનઃ જન્મ એ સંદતર જુઠાણું છે.તેમણે માંગણી કરી છે કે પુસ્તકના આવા સંવેદનશીલ પર્યાયો અમલી બનતાં પૂર્વે શિક્ષણ વિભાગ દ્વારા ઉચ્ચ સ્તરે એ ચકાસવા જરૂરી હતા. તેમણે આક્ષેપ કર્યો છે કે વડા પ્રધાન વિશેષ રીતે બૌદ્ધ ધર્મનો આદર કરતાં હોય ત્યાં આવા વિવાદિત લેખનોથી કુંઠિત થાય છે. એની સૌ જવાબદાર લેખકો, અધિકારીઓ ગંભીરતાપૂર્વક ધ્યાન લે અને વિવાદિત લેખન પાઠ્ય પુસ્તકમાંથી દૂર થાય એ માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે. આ પત્ર રાજ્યના રાજ્યપાલ ઉપરાંત રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના પાઠ્ય પુસ્તક મંડળને પણ લખવામાં આવ્યો છે.

### કેબિનેટે પ્રસ્તાવને મંજૂરી આપી

# બિહાર બાદ હવે ઝારખંડમાં પણ જ્ઞાતિ સર્વેક્ષણ થશે

### લોકસભા ચૂંટણી બાદ યોજાયેલી પ્રથમ કેબિનેટ બેઠકમાં ઝારખંડની ચંપાઈ સોરેન સરકારે ઘણા મહત્વના નિર્ણયો લીધા છે

નવી દિલ્હી, તા.૨૦

લોકસભા ચૂંટણી બાદ યોજાયેલી પ્રથમ કેબિનેટ બેઠકમાં ઝારખંડની ચંપાઈ સોરેન સરકારે ઘણા મહત્વના નિર્ણયો લીધા છે. જો કે કુલ ૩૩ દરખાસ્તો મંજૂર કરવામાં આવી છે, પરંતુ સૌથી મહત્વપૂર્ણ જાતિ આધારિત વસ્તી ગણતરી કરવાનો નિર્ણય છે. બિહાર બાદ ઝારખંડ આવું પગલું ભરનાર બીજું રાજ્ય છે. કેબિનેટે આ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.આ જાતિ સર્વેક્ષણની જવાબદારી કર્મચારી વિભાગને આપવામાં આવી છે. જો કે, જ્ઞાતિ સર્વેક્ષણ ક્યારે શરૂ થશે તે અંગે કોઈ તારીખ નક્કી કરવામાં આવી નથી. કોંગ્રેસના સ્ટાર પ્રચારક રાહુલ ગાંધી તેમની સભાઓમાં સતત આની જાહેરાત કરતા જોવા મળ્યા હતા.બિહારમાં પણ જ્યારે કોંગ્રેસ અને આરજેડી સમર્થિત સરકાર હતી ત્યારે જાતિ આધારિત વસ્તીગણતરી કરવામાં આવી હતી. આ મુદ્દે સરકારે ગયા વિધાનસભા સત્ર દરમિયાન એક પ્રશ્નના જવાબમાં ગૃહની અંદર ખાતરી આપી હતી. ઝારખંડમાં વર્ષના અંતમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે, આવી સ્થિતિમાં ચંપાઃ સરકારનો આ નિર્ણય મહત્વપૂર્ણ માનવામાં આવે છે. જાતિની વસ્તી ગણતરી બાદ સરકાર અનામત અંગે નિર્ણય લઈ શકે છે.તમને જણાવી દઈએ કે જેમ જેમ ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ રાજ્યની ચંપાઈ સોરેન સરકાર ચૂંટણી મોડમાં આવી ગઈ છે. બે દિવસ પહેલા જ મુખ્યમંત્રી ચંપાઈ સોરેને રાજ્યમાં મફત વીજળીનો વ્યાપ ૧૨૫ યુનિટથી વધારીને ૨૦૦ યુનિટ કરવાની જાહેરાત કરી હતી. ખેડૂતો માટે ૨ લાખ રૂપિયા સુધીની લોન માફ કરવાની જાહેરાત કરતી વખતે તેમણે એમ પણ કહ્યું છે કે સરકાર ૨૫ વર્ષથી વધુ અને ૫૦ વર્ષથી ઓછી ઉંમરની મહિલાઓને આર્થિક મદદ કરશે યુવાનોને ત્રણ મહિનામાં નોકરી આપવાની પણ જાહેરાત કરવામાં આવી હતી.

### ફેમિલી કોર્ટના આદેશ સામે પત્નીએ હાઈકોર્ટમાં અરજી કરી

# પત્નીએ સેક્સ કરવાની ના પાડતા HCએ પતિની તરફેણમાં આપ્યો ચુકાદો

### પત્ની દ્વારા તેના પતિ સાથે શારીરિક સંબંધ (સેક્સ ) રાખવાનો ઈન્કાર એ પતિ પ્રત્યેની ક્રૂરતા છે

ભોપાલ,તા.૨૦

મધ્યપ્રદેશ હાઈકોર્ટે કહ્યું છે કે પત્ની દ્વારા તેના પતિ સાથે શારીરિક સંબંધ (સેક્સ ) રાખવાનો ઈક્રાર એ પતિ પ્રત્યેની ક્રૂરતા છે. હાઈકોર્ટના કાર્યકારી ચીફ જસ્ટિસ શીલ નાગુ અને જસ્ટિસ અમરનાથ કેશરવાનીની બેન્ચે પતિની છૂટાછેડા માટેની અરજીને મંજૂરી આપતા ફેમિલી કોર્ટના આદેશને સમર્થન આપતાં આ અવલોકન કર્યું હતું. ફેમિલી કોર્ટના આદેશ સામે પત્નીએ હાઈકોર્ટમાં અરજી કરી હતી.

હકીકતમાં, અરજદાર (પતિ)એ જાન્યુઆરી ૨૦૧૮માં સતનાની ફેમિલી કોર્ટમાં પત્ની દ્વારા ક્રૂરતા અને ત્યજી દેવાના આધારે છૂટાછેડા માટે અરજી કરી હતી. અરજીમાં પતિએ કહ્યું હતું કે તેના લગ્ન ૨૬ મે, ૨૦૧૩ના રોજ હિંદુ રીતિ-રિવાજ મુજબ થયા હતા, પરંતુ પહેલી રાત્રે જ પત્નીએ તેની સાથે શારીરિક સંબંધ બાંધવાની ના પાડી દીધી હતી. તેણે એ પણ જણાવ્યું કે તે તેની પત્ની પસંદ નથી. તેની પત્નીએ તેના માતા-પિતાના દબાણ હેઠળ લગ્ન કર્યા હતા. લગ્નના ત્રણ દિવસ બાદ ૨૯ મે ૨૦૧૩ના રોજ પત્નીનો ભાઈ તેના ઘરે આવ્યો હતો અને તેની પત્નીને પરીક્ષા આપવા માટે તેની સાથે લઈ ગયો હતો. બીજા દિવસે, જ્યારે તે તેની પત્નીને લેવા તેના ઘરે ગયો, ત્યારે તેના માતાપિતાએ તેને મોકલવાની ના પાડી. ત્યારથી તેની પત્ની પરત આવી નથી.

બીજી તરફ, પત્નીએ આરોપ લગાવ્યો હતો કે તેના પતિ સાથે તેના વૈવાહિક સંબંધો ૨૮ મે, ૨૦૧૩ સુધી ચાલુ હતા. જે બાદ પતિ અને તેના પરિવારના સભ્યો તેને હેરાન કરવા લાગ્યા હતા. આ લોકો દહેજ તરીકે ૧.૫ લાખ રૂપિયા અને અલ્ટો કારની માગ કરી રહ્યા હતા. તેણીએ દાવો કર્યો હતો કે તેણીની પરીક્ષા જૂન ૨૦૧૩ સુધી નિર્ધારિત હતી, તેથી તેણી તેના લગ્નના ઘરે જઈ શકતી નથી. જેના કારણે તેના સાસરિયાઓ ગુસ્સે થઈ ગયા અને ફરીથી દહેજની માંગ કરવા લાગ્યા. તે પછી પતિ ક્યારેય તેને પરત લેવા આવ્યો ન હતો. પત્નીએ એમ પણ કહ્યું કે તે તેના પતિ સાથે તેના સાસરે રહેવા માટે તૈયાર છે, પરંતુ દહેજની માગને કારણે તે લગ્ન સંબંધોથી અલગ થઈ ગઈ છે. આ આધારો પર તેણીએ પતિ દ્વારા દાખલ કરાયેલ છૂટાછેડાની અરજી ફગાવી દેવા માટે પ્રાર્થના કરી હતી. મુખ્ય ન્યાયાધીશ, ફેમિલી કોર્ટ, સતનાએ બંને પક્ષોની દલીલો સાંભળ્યા પછી છૂટાછેડાનો આદેશ આપ્યો.

લાઈવ લોના અહેવાલ મુજબ પત્નીએ ફેમિલી કોર્ટના આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જણાવ્યું હતું કે દહેજની માગણીના દબાણ અને તેના પતિ અને તેના પરિવારના સભ્યો દ્વારા તેની સાથે કરવામાં આવતા ખરાબ વર્તનને કારણે તે તેના માતા-પિતા સાથે રહેતી હતી. તેણે પોતાના પતિને સ્વેચ્છાએ છોડ્યો ન હતો. બીજી તરફ પતિએ કહ્યું કે તેની પત્નીએ તેની સામે દહેજનો ખોટો કેસ કર્યો છે. લગ્ન પછી તેની પત્ની માત્ર ત્રણ દિવસ જ તેના લગ્ન ઘરમાં રહી હતી. આ પછી તેણે કોઈ નક્કર કારણ વગર પોતાનું વૈવાહિક ઘર છોડી દીધું. ત્યારથી તેઓ અલગ રહે છે. તેથી ફેમિલી કોર્ટનો આદેશ યોગ્ય હતો.

કેસના રેકોર્ડ અને પક્ષકારોની દલીલોને ધ્યાનમાં લેતા કોર્ટે કહ્યું કે પત્નીએ સ્વીકાર્યું હતું કે લગ્ન પછી તે માત્ર ત્રણ દિવસ જ તેના લગ્નના ઘરમાં રહી હતી.

જ્યારે તેણીના પતિના પરિવારના સભ્યોએ તેણીને આવવાનું કહ્યું ત્યારે તે પરત ફર્યો ન હતો. કોર્ટે એમ પણ કહ્યું હતું કે તેણે ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, સિધી (M.P.) ની કોર્ટ સમક્ષ એ હકીકત સ્વીકારી છે કે અપીલકર્તા અને પ્રતિવાદીઓ (પતિ અને પત્ની) વચ્ચે કોઈ શારીરિક સંબંધ સ્થાપિત થયો નથી.

કોર્ટે કહ્યું કે આનાથી પતિનું નિવેદન સાબિત થાય છે કે પહેલી રાત્રે અપીલકર્તા (પત્ની)એ પ્રતિવાદી (પતિ) સાથે શારીરિક સંબંધ બાંધવાનો ઈનકાર કર્યો હતો પતિ પ્રત્યે ક્રૂરતા.

કોર્ટે કહ્યું કે તે સ્પષ્ટ થઈ ગયું છે કે પત્ની તેના સાસરિયાના ઘરે માત્ર ૩ દિવસ જ રહી. આ સમયગાળા દરમિયાન બંને વચ્ચે કોઈ શારીરિક સંબંધ નહોતો. ત્યારથી લગભગ ૧૧ વર્ષ થઈ ગયા છે, પત્ની અને પતિ અલગ રહે છે. કોર્ટે કહ્યું કે બંને પક્ષો અલગ થઈ ગયા છે અને બંને વચ્ચે ઘણા સમયથી છૂટાછેડા ચાલી રહ્યા છે. આવી સ્થિતિમાં ફેમિલી કોર્ટના નિર્ણય અને આદેશમાં હસ્તક્ષેપ કરવાની જરૂર નથી. કોર્ટે પત્નીની અપીલ ફગાવી દીધી હતી.

### ગુજરાતના અમદાવાદ અને રાજકોટમાં પણ રમાશે મેચ

# BCCI એ ઈન્ડિયાના પાંચ મહિનાના ક્રિકેટ શેડ્યુલની જાહેરાત કરી

### ટીમ ઈન્ડિયા આગામી પાંચ મહિનામાં બાંગ્લાદેશ, ન્યુઝીલેન્ડ અને ત્યારબાદ ઈંગ્લેન્ડ સામે મેચ રમશે

નવી દિલ્હી, તા.૨૦

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે (BCCI) ટીમ ઈન્ડિયાના પાંચ મહિનાના ક્રિકેટ શેડ્યુલની જાહેરાત કરી છે. આ મુજબ ભારતીય ટીમ આગામી પાંચ મહિનામાં ત્રણ દેશો સામે મેચ રમશે. આ ઉપરાંત વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પણ ક્રિકેટની ધૂમ મચશે.બીસીસીઆઈના શેડ્યૂલ મુજબ ભારત આગામી પાંચ મહિનામાં બાંગ્લાદેશ, ન્યુઝીલેન્ડ, ત્યારબાદ ઈંગ્લેન્ડ સામે મેચ રમશે. ટીમ ઈન્ડિયા પાંચ મહિનામાં પાંચ ટેસ્ટ મેચ, આઠ T20 મેચ અને ત્રણ એકદિવસીય મેચ રમશે.

ભારત બાંગ્લાદેશ સામે ૧૯ સપ્ટેમ્બરથી ૧૨ ઓક્ટોબર વચ્ચે બે ટેસ્ટ મેચ અને ત્રણ ટી૨૦ રમી ધૂમ મચાવશે. પછી ન્યુઝીલેન્ડ સામે ૧૬ ઓક્ટોબરથી પાંચ નવેમ્બર વચ્ચે ત્રણ ટેસ્ટ મેચ રમશે. ત્યારબાદ ઈંગ્લેન્ડ વિરુદ્ધ ૨૨ જાન્યુઆરીથી ૧૨ ફેબ્રુઆરી વચ્ચે પાંચ ટી૨૦ અને ત્રણ વન-ડે મેચ રમશે.

૧૯ સપ્ટેમ્બર-૨૦૨૪થી ૧૨ ફેબ્રુઆરી-૨૦૨૫ સુધી ચાલનારા 'ક્રિકેટોત્સવ' દરમિયાન અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને રાજકોટમાં પણ મેચ રમાશે. બીસીસીઆઈના શેડ્યુલ મુજબ ચેન્નાઈ, કાનપુર, બેંગલુરુ, પુણે, મુંબઈના સ્ટેડિયમમાં ટેસ્ટ મેચની મજા માણવા મળશે. જ્યારે ધર્મશાળા, દિલ્હી, હૈદરાબાદ, ચેન્નાઈ, કોલકાતા, રાજકોટ, પુણે, મુંબઈમાં ટી૨૦ મેચોની ધૂમ મચશે. એકદિવસ મેચની વાત કરીએ તો આગામી પાંચ મહિનામાં નાગપુર, કટક, અમદાવાદમાં વન-ડે મેચ રમાશે.

બાંગ્લાદેશનો ભારત પ્રવાસ (૨૦૨૪)

૧૯થી ૨૪ સપ્ટેમ્બર : પહેલી ટેસ્ટ, ચેન્નાઈ

૨૭ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર : બીજી ટેસ્ટ, કાનપુર

૦૬ ઓક્ટોબર : પહેલી T20, ધર્મશાલા

૦૯ ઓક્ટોબર : બીજી T20, દિલ્હી

૧૨ ઓક્ટોબર : ત્રીજી T20, હૈદરાબાદ

ભારતનો ન્યુઝીલેન્ડ પ્રવાસ (૨૦૨૪)

૧૬થી ૨૦ ઓક્ટોબર : પહેલી ટેસ્ટ, બેંગલુરુ

૨૪થી ૨૮ ઓક્ટોબર : બીજી ટેસ્ટ, પુણે

૦૧થી ૦૫ નવેમ્બર : ત્રીજી ટેસ્ટ, મુંબઈ

ભારતનો ઈંગ્લેન્ડ પ્રવાસ શેડ્યૂલ (૨૦૨૫)

૨૨ જાન્યુઆરી - પ્રથમ T20, ચેન્નાઈ

૨૫ જાન્યુઆરી - બીજી T20, કોલકાતા

૨૮ જાન્યુઆરી - ત્રીજી T20, રાજકોટ

૩૧ જાન્યુઆરી - ચોથી T20, પુણે

૦૨ ફેબ્રુઆરી - પાંચમી T20, મુંબઈ

૦૬ ફેબ્રુઆરી - પ્રથમ વન-ડે, નાગપુર

૦૯ ફેબ્રુઆરી - બીજી વન-ડે, કટક

૧૨ ફેબ્રુઆરી - ત્રીજી વન-ડે, અમદાવાદ

### રથયાત્રાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે

# ૨૨મી જૂનના રોજ ભગવાન જગન્નાથની જળયાત્રા યોજાશે

### અમદાવાદમાં રથયાત્રાની જોરશોરથી તૈયારીઓ થઈ રહી છે

અમદાવાદ,તા.૨૦

રથયાત્રાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. રથયાત્રાના ૧૫ દિવસ પૂર્વ જળયાત્રાનું આયોજન કરવામાં આવે છે. જે આ વર્ષે ૨૨ જૂનના રોજ કરવામાં આવ્યુ છે.રથયાત્રાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. આ વર્ષે અષાઢી બીજ ૭ જુલાઈના રોજ છે. આ દિવસ ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રા ઠેર – ઠેર નીકળતી હોય છે. ત્યારે અમદાવાદમાં પણ ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. અમદાવાદમાં રથયાત્રાની જોરશોરથી તૈયારીઓ થઈ રહી છે.રથયાત્રાના ૧૫ દિવસ પૂર્વ જળયાત્રાનું આયોજન કરવામાં આવે છે. અમદાવાદમાં ૨૨મી જૂને ભગવાન જગન્નાથની જળયાત્રા યોજાશે. ભગવાન જગન્નાથની જળયાત્રાને લઈને ખાસ તૈયારીઓ કરવામાં આવી છે. જળયાત્રા માટે ખાસ ૧૦૮ કળશના રંગ રોગાન કરાયુ છે. તેમજ ધ્વજ પતાકા અને કાવડ તૈયાર કરવામાં આવ્યુ છે. ૨૨મી જૂને એટલે કે જળયાત્રાના દિવસે ભગવાન જગન્નાથ મંદિરથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ૧૮ ગજરાજ અને ૧૮થી વધારે ભજનમંડળીઓ જોડાશે. ભજન કીર્તનના નાદ સાથે જળયાત્રા યોજવામાં આવશે.

# NTAમાં જે પણ દોષિત હશે તેની સામે કડક કાર્યવાહી થશે

નવી દિલ્હી, તા.૨૦

મેડિકલ પ્રવેશ પરીક્ષા 'નીટ' (NEET 2024)ની બબાલ વચ્ચે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા ૧૮મી જૂને યોજાયેલી UGC-NET પરીક્ષા રદ કરવામાં આવી છે. હવે આ મુદ્દે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ગુરુવારે પ્રેસ કોન્ફરન્સ કરી મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'યુજીસી-નીટમાં ગેરરીતિ થઈ છે. અમે આમાં સંડોવાયેલા કોઈપણ ગુનેગારને છોડીશું નહીં. વિદ્યાર્થીઓનું હિત અમારી પ્રાથમિકતા છે. નીટ પરીક્ષા મામલે અમે બિહાર સરકારમાં સતત સંપર્કમાં છીએ.'શિક્ષણ મંત્રીએ કહ્યું કે, 'નીટ પરીક્ષા સંબંધિત પટણાથી કેટલીક માહિતી મળી છે. આ મુદ્દે અમે આજે પણ ચર્ચા કરી છે. પરીક્ષામાં ગેરરીતિના કારણો તપાસ માટે પટણાની પોલીસ ઊંડાણપૂર્વક તપાસમાં લાગી છે. ત્યારબાદ તેઓ ભારત સરકારને રિપોર્ટ મોકલશે. હું વિશ્વાસથી કહું છું કે, નક્કર માહિતી આવ્યા બાદ દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. દ્ધછમાં જે પણ દોષિત હશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.'તેમણે કહ્યું કે, 'પરીક્ષા સંબંધિત કેસમાં કેન્દ્ર સરકાર હાઈલેવલ કમિટીની રચના કરશે. એનટીએ અંગે જે બાબતો સામે આવી છે, તેની પારદર્શિતામાં વધુ સુધારો લાવવાના પ્રયાસો કરવામાં આવશે. અમારી પ્રાથમિકતા 'ઝીરો એરર' છે. વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય છે. હું તમામને વિનંતી કરું છું કે, કોઈપણ પ્રકારની અફવાઓ ન ફેલાવો. રાજકીય દ્રષ્ટિએ ન જુઓ. અમે કોઈપણ સુધારો કરવા માટે તૈયાર છીએ. અમે કોઈપણ ગુનેગારોને છોડીશું નહીં.'

# ભાવનગરમાં GSTના ધામા, જિલ્લામાં છ જગ્યાએ સર્વે શરૂ

ભાવનગર,તા.૨૦

ભાવનગર શહેર અને જિલ્લો જીએસટી કૌભાંડમાં મોખરે બન્યો છે. અગાઉ ભાવનગર શહેર અને જિલ્લામાં GST બોગસ ફાઈલનું મસમોટું કૌભાંડ થવા પામ્યું હતું. ત્યારે હવે જીએસટી વિભાગ દ્વારા કરચોરીને લઈને પણ તપાસનો ધમધમાટ શરૂ છે. ભાવનગરમાં ગઈકાલથી જ છ જગ્યાએ અમદાવાદ અને રાજકોટની જી.એસ.ટી ટીમ વિભાગ દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો છે. ત્યારે મળતી માહિતી અનુસાર ભાવનગરના સિહોરમાં આવેલ કંસારા બજારમાં પાંચ પેઢીમાં જીએસટી વિભાગની તપાસ હાથ ધરવામાં આવી છે. જીએસટી વિભાગને મોટા પ્રમાણમાં બોગસ બીલિંગથી કરચોરી કરી હોય તેવી શંકા છે. જેને લઈને તપાસ હાથ ધરવામાં આવી છે.

જોકે બે દિવસથી તપાસ શરૂ છે અને હજી પણ જીએસટી વિભાગ દ્વારા તપાસને લઈને કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી. ત્યારે કંસારા બજારમાં પણ જીએસટી વિભાગના દરોડાને લઈને કર્ફ્યુ જોવા માહોલ જોવા મળ્યો છે. ગઈકાલે જીએસટી વિભાગના દરોડાને લઈને કંસારા બજાર ટપોટપ બંધ થઈ ગઈ હતી. ત્યારે આજે પણ સવારે કંસારા બજાર બંધ રહેતા બે દિવસ કંસારા બજાર માં કરફ્યુ યથાવત રહીયું હતું. તેમજ ભાવનગરના ગોળ બજારમાં પણ એક પેઢી માં જીએસટી વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી ત્યારે જીએસટી વિભાગ દ્વારા તપાસ પૂર્ણ થતા કેટલાનું કોમ્ભાંડ આચારવામાં આવ્યો છે અથવા તો તપાસની અંદર શું બહાર આવશે તે જોવાનું રહ્યું.

### ભાજપનો એજ્યુકેશન સિસ્ટમ પર કબજો : રાહુલ ગાંધી

# મોદી યુદ્ધ અટકાવી શકે પણ પેપર લીક નથી અટકાવી શકતા : કોંગ્રેસ

નવી દિલ્હી, તા.૨૦

કોંગ્રેસના પૂર્વ સાંસદ રાહુલ ગાંધીએ NEET પેપર લીક પર પ્રહાર કરતા કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પેપર લીકને રોકવામાં સક્ષમ નથી. તેમણે કહ્યું કે તેઓ આ મુદ્દો સંસદમાં ઉઠાવશે. રાહુલ ગાંધીએ કહ્યું કે NEETના પેપર લીક થયા છે અને UGCના પેપર પણ રદ કરવામાં આવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું હતું કે નરેન્દ્ર મોદીએ રશિયા અને યુક્રેન વચ્ચે પરમાણુ યુદ્ધ અટકાવ્યું હતું. ઈઝરાયેલ અને ગાઝા વચ્ચે યુદ્ધ પણ બંધ થઈ ગયું હતું. પરંતુ ભારતમાં પેપર લીક થવાને નરેન્દ્ર મોદી રોકી રહ્યા નથી કે રોકી શકતા નથી. ભારતીય વિદ્યાર્થીઓને નુકસાન થઈ રહ્યું છે. આ વિદ્યાર્થીઓનું ભવિષ્ય છે. તેમના ભવિષ્ય સાથે રમત રમાઈ રહી છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે શિક્ષણ ક્ષેત્રને માત્ર એક સંગઠને કબજે કર્યું છે. દરેક હોદ્દા પર આ સંસ્થાનો કબજો છે. હવે આ બદલવું પડશે. ચૂંટણી ઢંઢેરામાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે કડક કાર્યવાહી કરવામાં આવશે. યુનિવર્સિટીના નિયમોનું મૂલ્યાંકન કરવું પડશે. વિપક્ષ દ્વારા સરકાર પર દબાણ બનાવીને આ બે કામ કરાવવાનો પ્રયાસ કરશે. રાહુલ ગાંધીએ કહ્યું કે વિદ્યાર્થીઓ માટે બહુ ઓછા રસ્તા છે. અગાઉ રોજગારીની તકો ખતમ થઈ ગઈ હતી. હવે પરીક્ષાઓમાં ગોટાળો થઈ રહ્યો છે. યુવાનો માટે કોઈ રસ્તો બચ્યો નથી. તમામ રસ્તાઓ, આ સરકારે બંધ કરી દીધા છે. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું કે, જે પેપર લીક થયું છે તે બાબતની તપાસ થવી જોઈએ. જવાબદાર જે કોઈ હોય તેમની સામે કાર્યવાહી થવી જોઈએ. તેમણે કહ્યું કે કડક કાયદા હોવા જોઈએ. જો તમે મેરિટના આધારે નોકરી નહીં આપો, અયોગ્ય લોકોને વાઈસ ચાન્સેલર બનાવશો તો આવી સ્થિતિ વારંવાર સર્જાતી રહેશે. રાહુલ ગાંધીએ કહ્યું કે, પેપર લીક થવાનું મુખ્ય કારણ એ છે કે, વર્તમાન સરકારે એવા લોકોને પદ પર નિયુક્ત કર્યા છે, કે જેઓ યોગ્ય લાયકાત ધરાવતા નથી. અગાઉ પેપર લીકનું મૂળ કેન્દ્ર મધ્યપ્રદેશ હતું. ભાજપના લોકો કહે છે કે તેની પ્રયોગશાળાઓ ગુજરાત અને મધ્યપ્રદેશ છે. જ્યાં સુધી ભારતની સંસ્થાઓ તેમના હાથમાંથી છીનવાઈ નહીં જાય ત્યાં સુધી આવુ બધુ ચાલતુ રહેશે. પરંતુ હવે બધુ બંધ થશે.

પ્રેસ કોન્ફ્રેન્સ દરમ્યાન રાહુલ ગાંધીએ આખા મામલાને લઈને ડાયરેક્ટ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જવાબદાર ગણાવ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે, પેપર લીકને સરકારનું સંરક્ષણ છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, જ્યાં સુધી એજ્યુકેશન સિસ્ટમથી ભાજપના લોકોનો કબ્જો ખતમ નહીં થાય. ત્યાં સુધી પેપર લીકને પણ રોકી શકાશે નહીં. તેની સાથે તેમણે એવું પણ કહ્યું કે, હિન્દુસ્તાનમાં ઘણા બધા ઈમાનદાર લોકો છે. જો ઈમાનદાર લોકોને કામ મળે તો પેપર લીક નહીં થાય. જો ફક્ત ખુદની વિચારધારા સાથે જોડાયેલા લોકોને કામ આપવામાં આવશે તો પેપર લીક થતાં રહેશે.

આ પહેલા નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયાના સમર્થકોએ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના ઘરની બહાર પ્રદર્શન કર્યું હતું. એનએસયુઆઈએ કહ્યું કે, દેશમાં સતત પેપર લીક થઈ રહ્યા છે. અગાઉ જ્યાં NEET પેપર લીકના કારણે લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય દાવ પર હતું ત્યાં હવે UGC-NETની પરીક્ષા પણ રદ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ સાથે થઈ રહેલા આ અન્યાયના વિરોધમાં દેખાવો યોજવામાં આવ્યા હતા. તેમણે વધુમાં કહ્યું કે, NEETનું પેપર લીક થયું છે. ભાજપે એજ્યુકેશન સિસ્ટમ પર કબજો કર્યો છે. મહેનતુ વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડી થઈ છે. દોષિતો વિરુદ્ધ કાર્યવાહી થવી જોઈએ. દેશના યુવાઓ સાથે રમત રમાઈ રહી છે. અમે નીટ પેપર લીકનો મુદ્દો સંસદમાં ઉઠાવીશું. ઉલ્લેખનીય છે કે, નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા ગઈકાલે ૧૮મી જૂને દેશના જુદાં જુદાં શહેરોમાં (ઓએમઆર) પેન અને પેપર બંને મોડમાં આ પરીક્ષા લેવામાં આવી હતી. જોકે, આ પરીક્ષાનું પેપર લીક થયાની ફરિયાદ મળી હતી. કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય હેઠળના સાયબર ક્રાઈમ કો ઓર્ડિનેશન સેન્ટરના નેશનલ સાયબર ક્રાઈમ થ્રેટ એનાલિટિક્સ યુનિટને ચોક્કસ ઈનપૂટ પ્રાપ્ત થયા હતા. તે અનુસાર આ પરીક્ષાનું પેપર લીક થયાનું કન્ફર્મ થયું હતું. આ રીપોર્ટ બાદ કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલયે ગઈકાલે યોજાયેલી પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધો છે. હવે નવેસરથી પરીક્ષા યોજાશે. તેની તારીખ સહિતની વિગતો હવે પછી જાહેર કરાશે. સાથે સાથે પેપર લીક થવાની સમગ્ર ઘટનાની તપાસ પણ સીબીઆઈને સોંપાવમાં આવી છે. એક સત્તાવાર યાદી અનુસાર બિહાર પોલીસની આર્થિક ગુના અપરાધ નિવારણ શાખા પાસેથી સમગ્ર અહેવાલ મેળવવામાં આવી રહ્યો છે. તે મળ્યા બાદ સરકાર આગળની કાર્યવાહી કરશે. યુજીસી નેટનું ફોર્મ ૧૧ લાખથી વધુ ઉમેદવારે ફોર્મ ભર્યું હતું. તેમાંથી ૮૧ ટકા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. દેશભરના ૩૧૭ શહેરોમાં આ પરીક્ષા યોજાઈ હતી. ૧૮ જૂને પરીક્ષા થઈ પણ નેશનલ સાયબર ક્રાઈમ થ્રેટ એનાલિટિક્સ ડિવિઝનને પરીક્ષામાં ગેરરીતિઓની ફરિયાદ મળ્યા પછી તપાસ શરૂ કરી. તપાસમાં માલુમ પડ્યું કે, શિક્ષણ સંસ્થાઓના ઓનલાઈન ચેટ ફોરમ પર યુજીસી નેટના પ્રશ્ન પત્રો અને સોલ્વ્ડ પેપર વિશે વાતચીત ચાલી રહી છે. ત્યાર પછી નેટની પરીક્ષા જ રદ કરવાનો નિર્ણય લેવાયો. ભારતની કોલેજો તથા યુનિવર્સિટીઓમાં આસિસ્ટન્ટ પ્રોફેસર, જુનિયર રિસર્ચ ફેલોશિપ અને આસિસ્ટન્ટ પ્રોફેસર માટે પાત્રતા નક્કી કરવા આ પરીક્ષા યોજવામાં આવે છે. નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા આ પરીક્ષા કોમ્પ્યુટર બેઝ્ડ ટેસ્ટના સ્વરુપે લેવાય છે. આ પરીક્ષા દર વર્ષે ડિસેમ્બર તથા જૂનમાં એમ બે વખત લેવામાં આવે છે. કુલ ૮૩ વિષયોમાં આ પરીક્ષા યોજાતી હોય છે.

### માછીમારો માટે ચેતવણી જારી કરવામાં આવી

# ગુજરાતમાં સાત દિવસ અનેક વિસ્તારોમાં વરસાદની આગાહી

## પંચમહાલ, દાહોદ, અરવલ્લી તથા સૌરાષ્ટ્રમાં પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથમાં વરસાદની આગાહી

અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં હજી ચોમાસું નવસારીમાં જ સ્થિત છે. અત્યારે જે ગુજરાતમાં વરસાદ થઈ રહ્યો છે તે ઉત્તર ગુજરાતમાં સાયક્લોનિક સરક્યુલેશનને કારણે થઈ રહ્યો છે. ત્યારે હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, ગુજરાતામાં આગામી સાત દિવસ અનેક વિસ્તારોમાં વરસાદ પડવાની આગાહી દર્શાવવામાં આવી છે. આ સાથે અનેક વિસ્તારોમાં ભારે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગ, અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક, રામાશ્રય યાદવે ગુજરાતના હવામાન અંગેની આગાહી કરી છે. જેમા તેમણે જણાવ્યુ છે કે, દમણ, દાદરા નગર હવેલી અને વલસાડમાં ભારે વરસાદનું પૂર્વાનુમાન છે. આ સાથે તેમણે જણાવ્યુ છે કે, બે દિવસ માછીમારો માટે ચેતવણી આપવામાં આવી છે. પવનની ગતિ ૩૫થી ૪૫ પ્રતિ કલાક રહેવાની શક્યતા છે જ્યારે મહત્તમ પવનની ગતિ ૫૫ સુધી જઈ શકે છે.

હવામાન વિભાગે એમ પણ જણાવ્યુ છે કે, આવતીકાલે શુક્રવારે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં, પંચમહાલ, દાહોદ, અરવલ્લી તથા સૌરાષ્ટ્રમાં પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ૨૨મી તારીખે અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, સુરત, નવસારી, ડાંગ, દમણ, વલસાડ, દાદરા નગર હવેલી, દમણ તથા સૌરાષ્ટ્રના પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. રવિવાર માટે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં, સાબરતાંઠા, ગાંધીનગર, આણંદ, અરવલ્લી, પંચમહાલ, દાહોદ તથા સૌરાષ્ટ્રમાં પોરબંદર જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે તેમણે જણાવ્યુ છે કે, ચોથા દિવસે દમણ, દાદરા નગર હવેલી અને વલસાડમાં ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગના રામાશ્રય યાદવના જણાવ્યા પ્રમાણે, સોમવાર માટે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં, ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓનો સમાવેશ તથા સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળો પર હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે.

રામાશ્રય યાદવના જણાવ્યા પ્રમાણે, મંગળવાર અને બુધવારે ઉત્તર અને દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં તથા સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે.

### યુપી પોલીસ ભરતી પેપર લીકમાં મોટું અપડેટ

# પરીક્ષા કરાવનારી ગુજરાતની કંપની બ્લેક લિસ્ટ કરવામાં આવી

અમદાવાદ, તા.૨૦

ઉત્તર પ્રદેશ પોલીસ કોન્સ્ટેબલની ભરતી પરીક્ષા પેપર લીક મામલે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. કોન્સ્ટેબલની ભરતીની પરીક્ષા આપતી કંપની એજ્યુટેસ્ટ કંપનીને બ્લેકલિસ્ટ કરવામાં આવી છે. બ્લેક લિસ્ટ કરવામાં આવેલી કંપની ગુજરાતની હોવાનું સામે આવી રહ્યુ છે. તપાસ દરમિયાન એસટીએફને કંપનીની બેદરકારીના પુરાવા મળ્યા છે. આ સિવાય અનેક નોટિસો છતાં કંપનીના ડાયરેક્ટર વિનીત આર્યએ STF સમક્ષ પોતાનું નિવેદન નોંધ્યું ન હતું. કહેવામાં આવી રહ્યું છે કે, કંપનીના ડાયરેક્ટર વિનીત આર્ય અમેરિકામાં છે. નોંધનીય છે કે, ૬૦૨૪૪ કોન્સ્ટેબલની ભરતી પરીક્ષાનું પેપર લીક થયું હતું, ત્યારબાદ પરીક્ષા રદ કરવામાં આવી હતી.

નોંધનીય છે કે, પેપર લીક થયા બાદ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૬ મહિનામાં ફરીથી પેપર લેવાના નિર્દેશ આપ્યા હતા. તેથી પુનઃ પરીક્ષાની તારીખ પણ ટૂંક સમયમાં જાહેર થઈ શકે છે. આપને જણાવીએ કે, પોલીસ ભરતી બોર્ડ કોન્સ્ટેબલની ભરતીની લેખિત પરીક્ષાની તૈયારીમાં વ્યસ્ત છે. ભરતી બોર્ડે પોલીસ કપ્તાન પાસેથી તિજોરીની સુરક્ષા અંગેનો રિપોર્ટ માંગ્યો છે. જ્યાં પરીક્ષા સામગ્રી રાખવામાં આવી હતી. ભરતી બોર્ડે એ પણ પૂછ્યું છે કે તમારા કોષાગાક કેટલા સુરક્ષિત છે? તિજોરીના પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળોની માહિતી માંગવામાં આવી છે.

આ સાથે કોષાગારની લોકીંગ સિસ્ટમ અને સીસીટીવી કેમેરાની પણ માહિતી માંગવામાં આવી છે. ખરેખર, આ વખતે ભરતી બોર્ડ બેદરકાર રહેવાના મૂડમાં નથી. તેથી, પરીક્ષાની તારીખ જાહેર કરતા પહેલા, તે ખાતરી કરવા માંગે છે કે જ્યાં ભરતી પરીક્ષાનું પેપર રાખવામાં આવશે તે સ્થળ સંપૂર્ણપણે સલામત છે કે નહીં. કહેવામાં આવી રહ્યું છે કે, પોલીસને રિપોર્ટ મળતા જ પરીક્ષાની તારીખની જાણ કરવામાં આવશે.

### EVMમાં થયેલા મતદાન અંગે ચૂંટણી પંચે મોટો નિર્ણય

# કરનાલ અને ફરીદાબાદ લોકસભા બેઠકોની ઈવીએમ ચેક કરવા મંજુરી

ચંદીગઢ, તા.૨૦

હરિયાણાની બે લોકસભા બેઠકો પર EVMમાં થયેલા મતદાન અંગે ચૂંટણી પંચે મોટો નિર્ણય લીધો છે. પંચે રાજ્યની કરનાલ અને ફરીદાબાદ લોકસભા બેઠકોની ઈવીએમ ચેક કરવા માટે મંજુરી આપી છે. આ બંને બેઠકો પર ભાજપ ઉમેદવારો સામે કોંગ્રેસ ઉમેદવારોની હાર થઈ છે. ચૂંટણી હાર્યા બાદ કોંગ્રેસ ઉમેદવારે ચૂંટણી પંચને પત્ર લખી ઈવીએમમાં ગેરરીતિ થઈ હોવાની આશંકા વ્યક્ત કરી હતી. ત્યારબાદ પંચે બંને બેઠકો પર ઈવીએમ ચેક કરવાની મંજૂરી આપી દીધી છે. કરનાલ બેઠકના કોંગ્રેસ ઉમેદવાર દિવ્યાંશુ બુદ્ધિરાજા અને ફરિદાબાદ બેઠકના મહેન્દ્ર પ્રતાપ સિંહ ચૂંટણી હાર્યા હતા.

બંને ઉમેદવારોએ ઈવીએમમાં ગેરરીતિ થઈ હોવાની આશંકા વ્યક્ત કરી ચૂંટણી પંચને પત્ર લખ્યો હતો. ત્યારબાદ ચૂંટણી પંચે પ્રેસ રિલીઝમાં કહ્યું કે, હરિયાણાની કરનાલ અને ફરીદાબાદ લોકસભા બેઠકના ઈવીએમની તપાસ કરવાની મંજૂરી મળી છે.હરિયાણાની બે બેઠકો અંગે ફરિયાદ મળ્યા બાદ ચૂંટણી પંચે કુલ છ મતદાન મથકો પરના ઈવીએમ ચકાસવાની મંજૂરી આપી છે. પંચના આદેશ મુજબ કરનાલનાં બે મતદાન મથકો, પાનીપતના બે, બડકલના બે મતદાન મથકો પરના ઈવીએમની ચકાસણી થશે. કરનાલથી ભાજપ ઉમેદવાર મનોહર લાલ અને ફરીદાબાદથી કૃષ્ણપાલની જીત થઈ હતી.

### પાલઘરમાં પુલ ગરકાવ, લોકલ ટ્રેન સેવા પર અસર

# મુંબઈના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો

## વાતાવરણ ઠંડુ થતા મુંબઈવાસીઓને રાહત મળી છે

મુંબઈ, તા.૨૦

મુંબઈમાં ગુરૂવારે વહેલી સવારથી જ અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. વરસાદને પગલે વાતાવરણ ઠંડુ થતા મુંબઈવાસીઓને રાહત મળી છે. વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જેના પગલે વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. મુંબઈ અને કેટલાક આસપાસના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. પાલઘરમાં ધોધમાર વરસાસ વરસ્યો હતો. જેના પગલે દેહર્જે નદી પરનો પુલ પાણીમાં ગરકાવ થતાં પાલઘર અને મનોર વચ્ચેનો સંપર્ક તૂટી ગયો હતો. આ ઉપરાંત બોરીવલી, દહિસર, બાંદ્રામાં પણ મુશળધાર વરસાદ વરસ્યો છે. તેમજ બોરીવલી, મલાડ, કાંદિવલી, ગોરેગાંવ વિસ્તારમાં પણ મેઘ મહેર થઈ છે. અનેક વિસ્તારોમાં વરસાદને પગલે ગોઠણસમાં પાણી ભરાઈ ગયા હતા. મુંબઈમાં ભારે વરસાદને કારણે લોકલ ટ્રેનોને પણ અસર થઈ છે. પશ્ચિમ રેલવેનો વાહનવ્યવહાર પણ ખોરવાઈ ગયો છે. ટ્રેક પર પાણી જમા થવાને કારણે બોઈસર-ઉમરોલી સ્ટેશન વચ્ચે લોકલ ટ્રેનો ૨૦-૩૦ મિનિટ મોડી દોડી રહી છે. રેલવે અધિકારીઓએ જણાવ્યું હતું કે ’વિરાર-દહાણુ સેક્શન પર ટ્રેનો ૨૦-૨૫ મિનિટ મોડી દોડી રહી છે. તેમજ મધ્ય રેલવેની લોકલ ટ્રેનો ૧૦ મિનિટ મોડી ચાલી રહી છે.’

હવામાન વિભાગે (IMD) વરસાદને લઈને એલર્ટ આપ્યું છે. અને આગામી બે દિવસ ભારે વરસાદની તેમજ ૨૨થી ૨૫ જૂન સુધી સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. છેલ્લા ૨૪ કલાકની વાત કરવામાં આવે તો બોરીવલીમાં ૧૭૧ મિ.મી.. દહીસરમાં ૧૩૪મિ.મી., કાંદિવલીમાં ૧૨૧ મિ.મી., મલાડમાં ૧૦૬ મિ.મી. અને મીરારોડમાં ૯૯ મિ.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે પાલઘરમાં ૧૩૦ મિ.મી., બોઈસરમાં ૧૦૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

### આણંદનાં બાકરોલ રામપુરા નગર પ્રાથમિક શાળામાં

# ગરમીમાં ખુલ્લા ઓટલા ઉપર ભૂલકાઓ અભ્યાસ કરવા મજબૂર

આણંદ, તા.૨૦

આણંદનાં બાકરોલ રામપુરા નગર પ્રાથમિક શાળા નં. ૩૨માં જર્જરિત ઓરડાઓ તોડી પાડી શાળાનું નવ નિર્માણ શરૂ કરવામાં આવતા તેમજ શાળાના વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં નહીં આવતા છેલ્લા એક સપ્તાહથી માસૂમ ભૂલકાઓ ધોમધખતી ગરમીમાં ખુલ્લામાં ઓટલા પર અભ્યાસ કરવા મજબૂર બન્યા છે. આણંદ નગર પાલિકાની શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત રામપુરા પ્રાથમિક શાળા નં. ૩૨માં બાળવાડીથી ધો. ૮ સુધીના વર્ગોમાં ૧૮૫થી વધુ બાળકો અભ્યાસ કરે છે. શાળાના ઓરડાઓ જર્જરિત થઈ જતા થોડા દિવસો પૂર્વે જર્જરિત ઓરડા તોડી નવા ઓરડાનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. શાળાના ઓરડાઓ તોડી નાખવામાં આવતા વિદ્યાર્થીઓ માટે અધિકારીઓ દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં નહીં આવતા શાળાના બાળવાડીથી ધો.૮નાં ૧૮૫થી વધુ બાળકો ખુલ્લામાં ઓટલા પર બેસી અભ્યાસ કરવા મજબુર બન્યા છે. એક તરફ ભણશે ગુજરાતનાં સૂત્રો આપવામાં આવે છે. બીજી તરફ માસૂમ બાળકો ધોમધખતી ગરમીમાં ખુલ્લામાં ઓટલા પર બેસી અભ્યાસ કરવા મજબુર બન્યા છે.

વાલીઓએ આક્રોશ વ્યકત કરતા કહ્યું કે ધોમધખતી ગરમીમાં બાળકો ખુલ્લા આકાશ નીચે બેસી અભ્યાસ કરી રહ્યા છે. ખુલ્લામાં ગરમ ગરમ લુ ફૂંકાય છે. ત્યારે બાળકો બીમાર પડે તો જવાબદારી કોની તેવો સવાલ કર્યો હતો.

નગર પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા બાળકો માટે નગર પ્રાથમિક શાળા નં ૩૩ માં. બાળકોને શિફ્ટ કરવા માટે આદેશ આપ્યો હોવાનું જણાવ્યું હતું. રામપુરામાં પ્રાથમિક શાળા પાસે વાલીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરી બાળકોને ખુલ્લામાં બેસાડવામાં આવતા હોવાનો વિરોધ કર્યો હતો અને જો તાકીદે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં નહીં આવે તો તેઓ બાળકોને શાળામાં મોકલવાનું બંધ કરી દેશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

### જુનાગઢના સાંસદ રાજેશ ચુડાસમાનું નિવેદન

# મને જે આ ચૂંટણીમાં નડ્યા છે એને મૂકવાનો નથી

## સાંસદનું વિવાદિત નિવેદન આવતા રાજકીય વર્તુળોમાં ચર્ચા

જૂનાગઢ, તા.૨૦

લોકસભા ચૂંટણીમાં વિજેતા બન્યા બાદ ગીર-સોમનાથ જિલ્લાની તાલાલા વિધાનસભા બેઠક પરના પ્રાચી મુકામે સાંસદ રાજેશ ચુડાસમાના આભાર દર્શનનો કાર્યક્રમ યોજાયો હતો. આ આભાર દર્શન કાર્યક્રમમાં ભાજપના કાર્યકર આગેવાનોને સંબોધન કરતા જાહેરમંચ ઉપરથી રાજેશ ચુડાસમાનું વિવાદિત નિવેદન સામે આવ્યું છે. રાજેશ ચુડાસમાએ જણાવ્યું હતું કે, છેલ્લી બે ટર્મના ૧૦ વર્ષ દરમિયાન તમને જે ખાટા ઓડકારો આવ્યા છે એ હવે આગામી પાંચ વર્ષમાં એકપણ ખાટો ઓડકાર નહીં આવવા દઉં તે ભગવાન માધવરાયની સાક્ષીએ કહું છું. ભાજપ પાર્ટી હિસાબ કરે કે ના કરે પણ હું આગામી પાંચ વર્ષમાં મને જે આ ચૂંટણીમાં નડ્યા છે એને મૂકવાનો નથી. જાહેરમંચ પરથી સાંસદનું વિવાદિત નિવેદન આવતા રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે.લોકસભાની ચૂંટણીમાં ચર્ચામાં રહેલી જૂનાગઢ લોકસભા બેઠક પર ભાજપે ઘણાં મનોમંથન પછી સિટિંગ સાંસદ રાજેશ ચૂડાસમાને ફરી ટિકિટ આપી હતી. વેરાવળના ડૉ. અતુલ ચગ આત્મહત્યા કેસમાં સાંસદ રાજેશ ચુડાસમા સામે ફરિયાદ નોંધાયા બાદ તેમની ટિકિટ પર જોખમ હતું, પરંતુ ભાજપે ફરીથી તેમને જ ટિકિટ આપી હતી અને તેમની જીત પણ થઈ હતી. ત્યારે તાલાલામાં ભાજપના આભાર દર્શન કાર્યક્રમમાં સાંસદ રાજેશ ચુડાસમાએ વિવાદિત નિવેદન કરતા ફરી ચર્ચામાં આવ્યા છે.લોકસભા-૨૦૨૪ના ચૂંટણી જંગમાં જૂનાગઢ બેઠક પર ૧૦.૫૭ લાખ મતદારોએ મતદાન કર્યું હતું. જેમાં મતગણતરીમાં સવારના સમયે થોડીવાર રસાકસી જોવા મળી હતી. જોકે, તે બાદ ભાજપના ઉમેદવાર સતત લીડ મેળવી રહ્યા હતા અને અંતે ભાજપના રાજેશ ચુડાસમાએ ૧,૩૪,૩૬૦ મતથી શાનદાર જીત મેળવી હતી.

### નીટ મામલે શિક્ષણ મંત્રાલયે જવાબ આપ્યો

# પરીક્ષાની નવી તારીખો ટુંક સમયમાં જ જાહેર કરાશે

## UGC-NET પરીક્ષા રદ થયા બાદ દેશભરમાં આક્રોશ

નવી દિલ્હી, તા.૨૦

મેડિકલ પ્રવેશ પરીક્ષા ‘નીટ’ (NEET 2024)ની બબાલ વચ્ચે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા યોજાયેલી UGC-NET પરીક્ષા રદ થયા બાદ દેશભરમાં આક્રોશ અને ચર્ચાનો વિષય બની ગયો છે. જે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે, તેઓ જાણવા માંગે છે કે, ફરી ક્યારે પરીક્ષા લેવાશે?, ત્યારે હવે આ મામલે શિક્ષણ મંત્રાલયે જવાબ આપ્યો છે.

યુજીસી-નેટની પરીક્ષા રદ કરવામાં આવ્યા બાદ શિક્ષણ મંત્રાલયના અધિકારીઓએ કહ્યું કે, યુજીસી-નેટની પરીક્ષા અંગે કોઈપણ ફરિયાદ મળી નથી. આ બાબતમાં સરકારે પોતે ધ્યાન આપી પરીક્ષા રદ કરી દીધી છે. અધિકારીઓએ એવું પણ કહ્યું કે, પરીક્ષાની નવી તારીખો ટુંક સમયમાં જાહેર કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા ગઈકાલે ૧૮મી જૂને દેશના જુદાં જુદાં શહેરોમાં (ઓએમઆર) પેન અને પેપર બંને મોડમાં આ પરીક્ષા લેવામાં આવી હતી. જોકે, આ પરીક્ષાનું પેપર લીક થયાની ફરિયાદ મળી હતી. કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય હેઠળના સાયબર ક્રાઈમ કો ઓર્ડિનેશન સેન્ટરના નેશનલ સાયબર ક્રાઈમ થ્રેટ એનાલિટિક્સ યુનિટને ચોક્કસ ઈનપૂટ પ્રાપ્ત થયા હતા. તે અનુસાર આ પરીક્ષાનું પેપર લીક થયાનું કન્ફર્મ થયું હતું.

આ રીપોર્ટ બાદ કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલયે ગઈકાલે યોજાયેલી પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધો છે. હવે નવેસરથી પરીક્ષા યોજાશે. તેની તારીખ સહિતની વિગતો હવે પછી જાહેર કરાશે.

સાથે સાથે પેપર લીક થવાની સમગ્ર ઘટનાની તપાસ પણ સીબીઆઈને સોંપાવમાં આવી છે. એક સત્તાવાર યાદી અનુસાર બિહાર પોલીસની આર્થિક ગુના અપરાધ નિવારણ શાખા પાસેથી સમગ્ર અહેવાલ મેળવવામાં આવી રહ્યો છે. તે મળ્યા બાદ સરકાર આગળની કાર્યવાહી કરશે.

### ટેક્સ પેયર્સને મળશે મોટી રાહત!

# કેન્દ્ર સરકાર આવકવેરા છૂટની મર્યાદા વધારી શકે છે

## પગારદાર વર્ગને રાહત આપવા માટે ટેક્સ સ્લેબમાં ફેરફાર કરવાનો અને ૮૦સી હેઠળ લિમિટ વધારવાની માંગ

નવી દિલ્હી, તા.૨૦

જો તમે પણ ટેક્સ પેયર હોવ અને દર વર્ષે આવકવેરા રિટર્ન ફાઈલ કરતા હોવ તો આ સમાચાર તમને ખુશ કરી શકે છે. દર વર્ષની જેમ આ વખતે પણ પગારદાર વર્ગને રાહત આપવા માટે ટેક્સ સ્લેબમાં ફેરફાર કરવાનો અને ૮૦સી હેઠળ લિમિટ વધારવાની માંગણી થઈ રહી છે. આશા કરવામાં આવી રહી છે કે સરકાર તરફથી આ વખતે મિડલ ક્લાસને રાહત મળી શકે છે. મનીકંટ્રોલમાં પ્રકાશિત એક રિપોર્ટ મુજબ સરકાર જુલાઈમાં રજૂ થનારા બજેટમાં ન્યૂ ટેક્સ રિજીમ હેઠળ ટેક્સ માફીની લિમિટને હાલની ૩ લાખથી વધારીને ૫ લાખ રૂપિયા કરવાનું પ્લાન કરી રહી છે.

રિપોર્ટમાં અધિકારીને ટાંકીને કહેવાયું છે કે સરકાર ટેક્સ માફીની લિમિટને હાલની જે ૩ લાખ રૂપિયા છે તે વધારીને ૫ લાખ રૂપિયા કરવા પર વિચારી રહી છે. આ ફક્ત નવી કર વ્યવસ્થા હેઠળ રિટર્ન ફાઈલ કરનારાઓને લાગૂ પડશે. જો કે ચોક્કસપણે તેના પર અંતિમ નિર્ણય બજેટ રજૂ થયા બાદ લેવાશે. જો સરકાર વાસ્તવમાં આ નિર્ણય લે તો ટેક્સપેયર્સને કેટલો ફાયદો થાય તે પણ જાણવા જેવું છે.

સૌથી પહેલા નવી ટેક્સ સિસ્ટમ સમજવાની કોશિશ કરીએ. સરકારે સૌથી પહેલા ૨૦૨૨ના બજેટમાં નવી ટેક્સ રિજીમને લોન્ચ કરી હતી. આ ટેક્સ વ્યવસ્થાના દરો, જૂના ટેક્સ વ્યવસ્થાથી ઓછા છે. જો કે તેમાં ટેક્સપેયર્સને ટેક્સમાં અનેક પ્રકારના ડિડક્શન અને છૂટનો લાભ મળતો નથી. આવકવેરા રિટર્ન ભરતી વખતે ટેક્સપેયર્સની સામે નવા અને જૂના એમ બેમાંથી કોઈ એક ટેક્સ વ્યવસ્થાની પસંદગીનો વિકલ્પ હોય છે. જ્યારે જૂની ટેક્સ વ્યવસ્થા હેઠળ ટેક્સપેયર્સને આવકવેરા એક્ટની વિવધ કલમો હેઠળ અનેક પ્રકારના રોકાણો, વીમો, હાઉસ એલાઉન્સ, અને લીવ ટ્રાવેલ એલાઉન્સ વગેરે પર છૂટ મળે છે. નવી ટેક્સ રિજીમના સ્લેબ પણ નવી ટેક્સ રિજીમ હેઠળ આવકવેરા સ્લેબ ૩.લાખ રૂપિયા સુધી- શૂન્ય ૩ લાખથી ૬ લાખ રૂપિયા વચ્ચે- ૫% (કલમ ૮૭એ હેઠળ ટેક્સમાં છૂટ) ૬ લાખ રૂપિયાથી ૯ લાખ રૂપિયા વચ્ચે- ૧૦% (કલમ ૮૭એ હેઠળ ૭ લાખ રૂપિયા સુધી ટેક્સમાં છૂટ) ૯ લાખ રૂપિયાથી ૧૨ લાખ રૂપિયા વચ્ચે - ૧૫% ૧૨ લાખ રૂપિયાથી ૧૫ લાખ રૂપિયા વચ્ચે- ૨૦% ૧૫ લાખ રૂપિયાથી વધુ- ૩૦%

આથી સરકાર જો આગામી બજેટ ૨૦૨૪-૨૫માં ૫ લાખ રૂપિયા સુધીની આવકને ટેક્સમાથી છૂટ આપે તો હાલના ૬ સ્લેબની જગ્યાએ ૫ સ્લેબ જ બચશે. જ્યારે ૫ લાખથી ૯ લાખ રૂપિયા સુધીની આવક પર કલમ ૮૭એ હેઠળ પહેલાની જેમ ટેક્સ છૂટ મળતી રહેશે પરંતુ શરત એ છે કે સ્લેબ કે તેના દરોમાં કોઈ ફેરફાર કરવામાં ન આવે. જો બજેટ ૨૦૨૪-૨૫માં ટેક્સ છૂટની મર્યાદાને ૩ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ રૂપિયા કરવામાં આવે તો તેનાથી લગભગ ૭.૬ લાખ રૂપિયાથી ૫૦ લાખ રૂપિયા સુધીના ટેક્સેબલ આવકવાળા લોકોના ટેક્સની રકમમાં ૧૦૪૦૦ રૂપિયા (૪ ટકા હેલ્થ અને એજ્યુકેશન સેસ સહિત) ઓછા થઈ જાય. જ્યારે જેમની ટેક્સેબલ ઈક્મ ૫૦ લાખ રૂપિયાથી એક કરોડ રૂપિયા વચ્ચે હોય તેમની ટેક્સ લાયેબિલિટી લગભગ ૧૧૪૪૦ રૂપિયા (સેસ અને ૧૦ ટકા સરચાર્જ સહિત) સુધી ઓછી થઈ જાય. આ ઉપરાંત એક કરોડથી લઈને ૨ કરોડ સુધીની આવકવાળા લોકોને ૧૧૯૬૦ રૂપિયાનો લાભ મળી શકે. જ્યારે ૨ કરોડથી વધુ આવકવાળા લોકોની ટેક્સ લાયેબિલિટી ૧૩૦૦૦ રૂપિયા સુધી ઓછી થઈ જાય.

### ગાંધીનગર લોકસભામાં વિકાસના કાર્ય પણ ખુલ્લા મુકશે

# અમિત શાહ બોડકદેવ અને નડાબેટ ખાતે યોગદિનની ઉજવણીમાં ભાગ લેશે

## બીજી વખત જવાબદારી સંભાળનાર વિજય બાદ પ્રથમ વખત ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદની મુલાકાતે

અમદાવાદ, તા.૨૦

ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાથી બીજી વખત અને ૭.૪૪ લાખની વિક્રમી લીડ સાથે વિજયી થનાર તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં ત્રીજી વખત એનડીએ સરકારે શાસનની કમાન સંભાળી છે. જેમાં કેન્દ્રીય ગૃહ તથા સહકારિતા મંત્રાલયની બીજી વખત જવાબદારી સંભાળનાર વિજય બાદ પ્રથમ વખત ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદની મુલાકાતે આવી રહ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ વિશ્વ યોગ દિવસની ઉજવણી અમિત શાહ તેમના મત વિસ્તારમાં કરશે, તેની સાથે ગાંધીનગર લોકસભામાં વિકાસના કાર્ય પણ ખુલ્લા મુકશે. જો કે, થોડા દિવસ અગાઉ થયેલા રાજકોટ અગ્નિકાંડને પગલે ભાજપે ગુજરાતમાં વિજયોત્સવ કે કોઈપણ પ્રકારની ઉજવણી નહીં કરવાની જાહેરાત કરી હોવાથી એરપોર્ટ ખાતે કોઈ ભવ્ય સ્વાગત વગેરે કાર્યક્રમ યોજાનાર નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાનના પગલે વિશ્વભરમાં ૨૧ જૂનના રોજ યોગ દિનની ઉજવણી થઈ રહી છે. તેની દસમી શ્રેણી શુક્રવારે યોજાનાર છે, એમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીતભાઈ શાહ બોડકદેવ વિસ્તારમાં આવેલ ગોટિલા ગાર્ડન ખાતે હાજરી આપનાર છે.શુક્રવારે બપોર પછી અમીતભાઈ શાહ પોતાના મતવિસ્તારના નારણપુરા, વસ્ત્રાપુરમાં અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન સંચાલીત સ્માર્ટ સ્કુલોની મુલાકાત લેશે.

આ ઉપરાંત ૩૦ જેટલી સ્માર્ટ સ્કુલોનું ઈ લોકાર્પણ કેન્દ્રીય મંત્રીના હસ્તે થનાર છે.નારણપુરા અનુપમ સ્કુલના પટાંગણમાં જ યોજાનાર કાર્યક્રમમાં અમીતભાઈ એક જાહેરસભાને સંબોધન કરશે. અમીતભાઈની મુલાકાત દરમિયાન અન્ય કોઈ રાજકીય બેઠકો યોજાનાર નથી.આ સાથે ગુજરાતમાં આ વર્ષના આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો મુખ્ય કાર્યક્રમ બનાસકાંઠાના સરહદી ગામ અને સીમાદર્શન માટે છે.જે બીએસએફના સહયોગથી યોજાનાર છે. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ હાજરી આપનાર છે. આ કાર્યક્રમમાં સવારે ૭ થી ૭:૪૫ સુધી એટલે કે ૪૫ મિનિટ સવા કરોડ લોકો સામાન્ય યોગ પ્રોટોકોલ તાલીમમાં ભાગ લેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી તથા રમત-ગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવી નડાબેટમાં યોજાનારા મુખ્ય કાર્યક્રમમાં જોડાવાના છે. દરમિયાનમાં ભારતમાં હજારો વર્ષોથી યોગ કરવામાં આવે છે. પરંતુ કોરોના મહામારી બાદ યોગ ફક્ત ભારત જ નહીં પરંતુ વિશ્વના અનેક દેશોમાં પ્રચલિત થયો છે. સમગ્ર વિશ્વના લોકો યોગના ફાયદા સમજવા લાગ્યા છે અને તેને પોતાના દૈનિક વ્યવહારમાં સામેલ કરતા થયા છે. વિશ્વ આ વર્ષે ૮મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવશે.દર વર્ષે આ દિવસે લોકો મોટી જગ્યાઓ પર ભેગા થાય છે અને સાથે યોગ કરે છે.યોગના ઘણા ફાયદાઓ વિશે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. દરરોજ યોગ કરવાથી તમારા જીવન પર સકારાત્મક અસર પડે છે. યોગ તણાવ અને ચિંતાને દૂર કરવામાં પણ મદદ કરે છે. સ્થૂળતાથી છુટકારો મેળવવા માટે યોગ સૌથી સરળ ઉપાય છે. આ સાથે તે અનેક રોગો અને બીમારીઓથી છુટકારો મેળવવામાં પણ ફાયદાકારક છે.

# સાવરકુંડલા : રબારીકા ગામે લોકદરબાર યોજતા ધારાસભ્ય કસવાલા










સાવરકુંડલા વિધાનસભા વિસ્તારના રબારીકા (તા. જેસર) ગામે છેલ્લા ઘણા સમયથી ગામની આવશ્યક સુવિધાઓ અંગે ગત લોકસભા ચૂંટણીના મતદાનના દિવસે ગામ લોકો દ્વારા સક્ષમ અધીકારી તથા મિડીયા સમક્ષ આક્રોષ વ્યકત કરેલ જે બાબતે માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા રબારીકા ગામના પ્રશ્ન અંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ જેના અનુસંધાને જાગૃત ધારાસભ્ય દ્વારા આચાર સંહિતા પૂર્ણ થતા તરત જ રબારીકા ગામના પ્રશ્નો અંગે લોકદરબારનું આયોજન કરવામાં આવેલ. આ લોકદરબારમાં પ્રાંત અધીકાર મહુવા, મામલતદાર/ તાલુકા વિકાસ અધિકારી જેસર તથા સબંધીત વિભાગના અધીકારીઓને હાજર રાખી તા. ૧૯/૬/૨૦૨૪ના રોજ લોકદરબાર યોજવામાં આવેલ. આ લોકદરબારમાં ગામ લોકો તથા સરપંચ હર્ષરાજભાઈ શિવરાજભાઈ વિંછીયા દ્વારા ગામના ખરાબ રોડ રસ્તા, પીવાના પાણી, શિક્ષણ, આરોગ્ય જેવા પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી અને સબંધીત વિભાગોને તાત્કાલીક રબારીકા ગામના પ્રશ્નો હકારાત્મક નિકાલ કરવા ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા જરૂરી સુચના અને માર્ગદર્શક પુરૂ પાડવામાં આવ્યુ તેમ સત્વ ''અટલધારા'' કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હિરપરાન અખબારની યાદીમાં જણાવાયુ હતુ.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં જુગાર રમતાં

કુંભાર શેરી પાછળના ભાગે જાહેરમાં બાવળ તીન–પત્તીનો જુગાર રમતા તમામ ઈસમો રોકડા રૂપિયા ૧૩,૫૮૦ ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપાય ગયા હતા. જાફરાબાદ તાલુકા જીકાદ્રી ગામની સીમમાં એભલવડ જવાના રસ્તે જાહેરમાં ગત તા.૧૯ ના ૨ વાગ્યે છ ઈસમો જાહેરમાં તીનપતીનો હારજીતનો જુગાર રમી રોકડ રકમ રૂપિયા ૨૪,૮૫૦ એક હાથબતી કિમત રૂપિયા ૨૦૦ મળી કુલ કિમત રૂપિયા ૨૫,૦૫૦ ના મુદ્દામાલ સાથે ઝડપાય જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## અવસાન નોંધ

**અમરેલી :** ચંદુલાલ મથુરદાસ મોરજરીયા (શિવ ધારી વાળા ) ના ધર્મપત્ની જશુબેન (ઉ.વ. ૭૫) તે મનીષભાઈ, ભાવેશભાઈ, મુનાભાઈ ના માતુશ્રીનું તા. ૨૦ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું/સાદડી તા. ૨૧ને શુક્રવાર સાંજના ૪:૩૦થી ૫:૩૦ પટેલવાડી, ગજેરાપરા અમરેલી ખાતે રાખેલ છે.

**અમરેલી :** સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ અમરેલી જિલ્લાના કરિયાણાના ડો. રવિભાઈ મહેતા અને રંજનબેનના પુત્રવધુ તથા હરિશંકર રવિશંકર મહેતાના પત્ની હર્ષાબેન હરેશભાઈ મહેતા (ઉ.વ. ૫૭) હાલ અમરેલી તે ભરતભાઈ આર. મહેતા (એડવોકેટ) અને હિતેશભાઈ આર. મહેતાના મોટા ભાભી તથા મયુર હરેશભાઈ મહેતા (પોદાર સ્કૂલ રાજકોટ) અને ઝરણાં દેવ જોશીના માતુશ્રી તેમજ કેયુર મહેતા (અંજાર), હરિઓમ મહેતા, જાહ્નવી મહેતા (જિલ્લા પંચાયત–અમરેલી)ના ભાભુ તથા ક્ષમાબેન ભરતભાઈ મહેતા અને પ્રતિક્ષાબેન હિતેશભાઈ મહેતાના જેઠાણીનુ તા. ૨૦ના અવસાન થયેલ છે. સ્મશાનયાત્રા તા. ૨૧ને શુક્રવારે સવારે ૮ કલાકે જાહનવી, ખોડિયાર નગર–૧૪, બ્રાહ્મણ સોસાયટી, દીકરાના ઘર પાછળથી નીકળીને કૈલાસ મુકિતધામ–કેરિયા રોડ અમરેલી ખાતે જશે. સદગતનું બેસણું તા. ૨૨ ને શનિવારે સાંજે ૪ થી ૬–૩૦ સુધી શ્રી ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગ, અમરેલી ખાતે રાખેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૬૫ | ૧૫૧૫ |
| ૨ | મગફળી | ૧૦૮૦ | ૧૧૨૦ |
| ૩ | તલ સફેદ | ૨૪૧૫ | ૨૫૪૫ |
| ૪ | ચણા | ૧૧૭૨ | ૧૩૦૮ |
| ૫ | ઘઉં | ૪૭૫ | ૫૪૫ |
| ૬ | જીરૂ | ૪૩૯૫ | ૫૫૦૫ |
| ૭ | એરંડા | ૯૮૫ | ૧૦૦૫ |
| ૮ | મગ | ૧૪૦૫ | ૧૪૫૫ |
| ૯ | બાજરો | ૪૦૬ | ૪૨૪ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૫૦ | ૧૧૭૯ |
| ૨ | શિંગ મોટી | ૧૦૫૫ | ૧૨૨૦ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૬૩૦ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૫૮૮ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૭૦૦ |
| ૬ | તલ કાળા | ૨૨૯૦ | ૩૨૮૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૯૪૫ | ૩૦૮૩ |
| ૮ | બાજરો | ૩૭૦ | ૪૬૦ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૮૭૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૯ | ૫૯૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૭ | ૫૭૦ |
| ૧૨ | મગ | ૧૪૫૦ | ૧૬૧૨ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૩૨૦ |
| ૧૪ | ચણા દેશી | ૧૩૯૫ | ૧૩૯૫ |
| ૧૫ | તુવેર | ૧૮૦૫ | ૨૨૬૦ |
| ૧૬ | વાલ | ૧૨૦૦ | ૧૭૭૦ |
| ૧૭ | કપાસ | ૯૫૩ | ૧૪૯૯ |
| ૧૮ | એરંડા | ૮૧૦ | ૧૦૭૭ |
| ૧૯ | જીરૂ | ૩૫૦૦ | ૫૫૫૫ |
| ૨૦ | રાયડો | ૧૦૦૫ | ૧૦૦૫ |
| ૨૧ | ઈસબગુલ | ૧૯૯૦ | ૨૩૭૦ |
| ૨૨ | ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૨૩ | મેથી | ૯૫૦ | ૧૧૦૦ |
| ૨૪ | સોયાબીન | ૭૫૫ | ૮૬૭ |

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલા ખાતે આજે

કામોનાં લાભો શહેરીજનોને મળી રહે તેવા હેતુથી આ ડીમોલેશન હાથ ધરવામાં આવી રહ્યાનું નગરપાલિકાના ચીફ ઓફિસર એચ.પી. બોરડે જણાવ્યું હતું. ડિમોલિશન દરમિયાન ના. કા. ઈજનેર, સાવરકુંડલા, પાલિકાના સર્વેયર અને વોર્ડ પટાવાળા સહિતની એક એક ટીમ દરેક રૂટ પર તૈનાત રહેશે જયારે પોલીસ બંદોબસ્ત પણ ચુસ્તપણે રાખવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત તારીખ ૨૮/૨/૨૩ ના રોજ સાવરકુંડલા શહેરમાં મેગા ડીમોલેશન કરવામાં આવ્યું હતું અને રોડની સાઈડમાં પાલા, કેબીન, રેંકડીઓ રાખી ધંધો કરતા નાના વેપારીઓ, કારીગર વર્ગને હટાવી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ હજુ સુધી કોઈ મોટા કહી શકાય તેવા પાલા, કેબીનો મૂકવામાં આવ્યા નથી. પરંતુ નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલા રોડ રસ્તાના કામોમાં અડચણ રૂપ થતા છૂટાછવાયા દબાણો થયા હોય તેને હટાવવાની કામગીરી કરવામાં આવશે. આ અંગે બુધવારે સાવરકુંડલા શહેર પોલીસ સ્ટેશન ખાતે એ.એસ.પી. વલય વૈદ્યની સૂચના અને માર્ગદર્શન હેઠળ ઈ.પી. આઈ. ચૌધરીએ પાલા, કેબિન ધારકો સાથે એક બેઠક બોલાવી વેપારીઓને ડીમોલેશન અંગે જરૂરી સમજણ આપી સહકાર આપવા અપીલ કરી હતી. જયારે ચીફ ઓફિસર બોરડે જણાવ્યું હતું કે શુક્રવારે હાથ ધરવામાં આવનાર ડીમોલેશન માર્ગ– મકાન વિભાગ અને જિલ્લા પંચાયત હસ્તક મુખ્ય ત્રણ રૂટ ઉપર જ થનાર છે શહેરના આંતરિક વિસ્તારોમાં હાલ કોઈ દબાણ હટાવવાની યોજના નથી.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૭૬ | ૧૩૬૧ |
| ૨ | જુવાર સફેદ | ૭૬૨ | ૮૬૭ |
| ૩ | જુવાર પીળી | ૩૮૦ | ૩૮૦ |
| ૪ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૫ | બાજરો | ૫૦૦ | ૫૦૦ |
| ૬ | તુવેર | ૧૬૫૧ | ૧૬૫૧ |
| ૭ | જીરૂ | ૫૨૦૦ | ૫૨૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૧૧ | ૧૪૫૨ |
| ૨ | મગફળી | ૧૦૫૦ | ૧૦૯૧ |
| ૩ | ઘઉં | ૪૪૫ | ૫૧૭ |
| ૪ | ચણા | ૧૧૭૦ | ૧૨૮૦ |
| ૫ | તુવેર | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ૬ | મગ | ૧૫૮૦ | ૧૭૦૦ |
| ૭ | તલ | ૨૩૬૬ | ૨૫૧૨ |
| ૮ | શીંગ ફાડા | ૧૪૯૫ | ૧૪૯૫ |
| ૯ | શીંગ દાણા | ૧૧૫૫ | ૧૮૧૦ |
| ૧૦ | સોયાબીન | ૭૫૦ | ૮૬૦ |
| ૧૧ | એરંડા | ૧૦૨૫ | ૧૦૨૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૩૦ |
| ૨ | શીંગ દાણા | ૧૩૦૦ | ૧૬૨૦ |
| ૩ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૭૨૦ |
| ૪ | તલ કાળા | ૨૯૦૦ | ૩૨૭૦ |
| ૫ | જીરૂ | ૪૭૦૦ | ૫૫૦૦ |
| ૬ | કપાસ | ૧૨૧૦ | ૧૪૬૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૩૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૬૧ |
| ૯ | બાજરો | ૩૬૦ | ૫૦૩ |
| ૧૦ | જુવાર | ૪૫૧ | ૮૮૧ |
| ૧૧ | મકાઈ | ૪૨૫ | ૫૯૪ |
| ૧૨ | મગ | ૧૫૫૦ | ૧૬૮૦ |
| ૧૩ | અડદ | ૧૬૦૦ | ૧૬૮૦ |
| ૧૪ | ચણા | ૧૧૫૨ | ૧૩૩૦ |
| ૧૫ | તુવેર | ૨૧૦૦ | ૨૪૫૫ |
| ૧૬ | એરંડી | ૧૦૪૭ | – |
| ૧૭ | રજકા બીજ | ૩૬૦૦ | – |
| ૧૮ | ધાણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૧૯ | સોયાબીન | ૮૫૨ | – |

પાના ૧ ઉપરનું ચાલું

## કુંકાવાવ બીટનાં લુણીધાર

નજીકમાં આવેલ અરવિંદભાઈ મોહનભાઈ ગજેરાના ખેતરને ફરતો ખુલ્લા વીજવાયર મળી આવેલ હોય તેમજ નીલગાયના જમીન ઉપર ઢસરડા આ ખેડૂતના ખેતર સુધી જણાય આવતા અરવિંદભાઈ મોહનભાઈ ગજેરા નામનાં ૬૧ વર્ષિય વૃધ્ધ ખેડુત અને તેનું ખેતીકામનું ભાગ્યું રાખેલ મજુર શંકરભાઈ નાગજીભાઈ શંગોડ બન્નેની પૂછપરછ કરતા આ બન્ને આરોપીએ એકસંપ કરી અને ખેતર ફરતે ખુલ્લા તાર બાંધી તેમાં ઈલેકિટ્રક વીજકરંટ પસાર કરેલ હતું. જેના કારણે આ નીલગાયનું મૃત્યુ નીપજાવતા અને આ ગુન્હાની કબુલાત આપતા વન વિભાગ દ્વારા આ બંને આરોપી સામે વન્ય પ્રાણી સરક્ષણ અધિનિયમ–૧૯૭૨ની કલમ– ૨ (૧૬), ૯, ૫૦, ૫૧, ૫૨, ૫૪ હેઠળ ગુન્હો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી કરી આરોપીઓ પાસેથી એડવાન્સ રીકવરી પેટે રૂપિયા ૫૦,૦૦૦ ની વસુલાત કરેલ હતી અને બાદમાં આરોપીને જામીન પર મુકત કરેલ હતા.

આ કામમાં લીલીયા રેન્જના રેન્જ ફોરેસ્ટ ઓફિસર બી.જી. ગલાણી, વેટેનરી ઓફિસર એસ.પી. પંડયા, રાઉન્ડ ફોરેસ્ટ એસ.પી. તેરૈયા, પી.બી. ચૌહાણ, વનરક્ષક એમ.વી. મેર, ટ્રેકર્સ અમજદ કુરેશી જોડાયા હતા.

પાના ૧ ઉપરનું ચાલું

## ચીતલ ગામનાં હત્યા કેસમાં

સબંધી અને મિલકત સબંધી ગુનાઓ આચરી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી પેરોલ/ફર્લો તથા વચગાળ ાના જામીન પરથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના ૧૪૩/૨૦૧૧, આઈ.પી.સી. કલમ ૩૦૨, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૪ તથા જી.પી. એકટ કલમ ૧૩૫ મુજબના ગુનાના કામે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે કાચા કામના કેદી દેવકુભાઈ ધીરૂભાઈ બાવળા (રહે. ચીતલ, તા.જિ. અમરેલી) વાળો ગુજરાત હાઈકોર્ટના હુકમ આધારે ગત તા. ૩૧/૧૦/૧૫ ના રોજ વચગાળાના જામીન ઉપર મુકત થયેલ હોય અને આ કેદીને ગત તા. ૭/૧૨/૧૫ ના રોજ રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે હાજર થવાનું હતું. પરંતુ તે જેલમાં હાજર થવાને બદલે ફરાર થઈ ગયેલ હોય આ કેદીને બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે તા. ૧૯/૬ના રોજ સુરત મુકામેથી પકડી પાડી રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે મોકલી આપેલ છે.

### –// નાયબ કલેકટર અને ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, એમએજીશાખા બગસરા//–

નં.એમએજી/વશી/રજીનં.૪૮/૨૪ તા.૧૨/૦૬/૨૦૨૪

અરજદાર:– શ્રી સુરેશભાઈ મનુભાઈ માથુકીયા
રહે. મોટી કુંકાવાવ, તા.કુંકાવાવ/વડિયા, જી.અમરેલી
**અરજદારશ્રીના વકીલ શ્રી યોગેશ ડી. દવે**
મું.બગસરા, જી.અમરેલી

**//વિરુધ્ધ//**

સામાવાળા:– જન્મ–મરણ નોંધી રજીસ્ટ્રારશ્રી, –વ–
તલાટી કમ મંત્રી, મોટી કુંકાવાવ, તા.કુંકાવાવ/વડિયા, જી.અમરેલી

**//નોટીસ//**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં રહીશ **શ્રી સુરેશભાઈ મનુભાઈ માથુકીયાના માતુ શ્રી નાથીબેન મનુભાઈ માથુકીયા**નું મરણ **તા.૦૯/૬/૨૦૦૭**ના કુંકાવાવ/વડિયા તાલુકાના મોટી કુંકાવાવ મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામાના સામાવાળાના જન્મ–મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૭/૨૦૨૪ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી. તેમજ અરજી સાથે જે સાક્ષીનાં સોગંદનામા રજુ કરવામાં આવલે છે, તેમને મુદતે રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે.

**સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ**
**બગસરા**

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૨ | ચણા | ૧૦૦૦ | ૧૩૦૫ |
| ૩ | ધાણા | ૧૦૦૦ | ૧૨૧૫ |
| ૪ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૮૮૪ | ૪૯૦ |
| ૬ | જુવાર | ૭૯૦ | ૮૧૦ |
| ૭ | તલસફેદ | ૧૯૦૦ | ૨૪૨૬ |
| ૮ | શીગફાડા | ૧૩૨૦ | ૧૪૧૦ |
| ૯ | સોયાબીન | ૭૯૦ | ૮૫૫ |
| ૧૦ | મગ | ૧૩૦૦ | ૧૫૪૫ |
| ૧૧ | રાય | ૯૬૦ | ૯૬૦ |
| ૧૨ | મગફળી | ૮૦૦ | ૧૦૫૦ |
| ૧૩ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૪ | અડદ | ૧૩૦૫ | ૧૩૦૫ |
| ૧૫ | મેથી | ૬૦૦ | ૧૦૦૦ |
| ૧૬ | એરંડી | ૯૦૦ | ૯૦૦ |
| ૧૭ | વાલ | ૫૦૦ | ૫૦૦ |

## મોટી કુંકાવાવ ખાતે જીકાદ્રિ ગામનાં યુવક ઉપર ૨ ઈસમોએ કર્યો હુમલો

### સામાપક્ષ ઉપર પણ વળતો પ્રહાર થયાની ફરિયાદ

અમરેલી, તા. ૨૦

જાફરાબાદ તાલુકાના જીકાદ્રી ગામે રહેતા મહેશભાઈ ચંપુભાઈ વરૂ નામનાં ૨૫ વર્ષિય ખેડુત તથા અન્ય લોકો તા. ૧૮ ના ૩/૩૦ વાગ્યાના અરસામાં કુંકાવાવ ગામમાંથી પોતાના ઘર તરફ જતા હોય, તે વખતે મોટી કુંકાવાવ ગામે રહેતા વિક્રમભાઈ કાળુભાઈ ચાવડાએ ફોરવ્હિલ ઉભી રખાવી પોતાના હાથમાં રહેલ લોખંડના સળીયાના માથાના ભાગે બે ઘા મારી દીધેલ અને આરોપી કાનજી ઉર્ફે કાનો ધીરૂભાઈ મોઢવાડીયા તથા કરમણભાઈ દાદભાઈ કુવાડીયાએ પોતાના હાથમાં રહેલ પ્લાસ્ટીકના પાઈપો વતી ખેડૂતને પગના ભાગે તથા પીઠના ભાગે મારી દઈ ઈજાઓ કર્યાની ફરિયાદ નોંધાય છે.

તો સામા પક્ષે આ જ બનાવમાં કરમણભાઈ દાદભાઈ કુંવાડીયા એ સામાવાળા મયુરભાઈ ભીખુભાઈ તલસાણીયા, મહેશભાઈ ચંપુભાઈ વરૂ સામે છરીનો એક ઘા જમણા હાથની કોણી પાસે બીજો ઘા ડાબા પગની પીડીમાં તથા ત્રીજો ઘા જમણા પગની પીડીમાં મારી દઈ ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

સંકુલ ધો. ૬ થી ૧૨ – બન્ને મિડીયમ ગર્લ્સ પ્રવેશ
★ આર્ટસ – મનોવિજ્ઞાન રાજ્યશાસ્ત્ર • સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર • ઈતિહાસ ભૂગોળ
★ કોમર્સ – સાયંસ બન્ને મિડીયમ – GM બાયોલોજી મેથ્સ – EM બાયોલોજી
★ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ ને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ માં પ્રવેશ મળશે.
★ ધો. ૧૧–૧૨ સાયંસ – JEE - NEET - GUJCET કેરીલી નિ:શુલ્ક કલાસ
★ KG થી PG સ્કૂલ – કોલેજ – હોસ્ટેલ – બહુજ વ્યાજબી ફીજ માળખુ
★ KG થી PG સુધીનું નિવાસી ગર્લ્સ કેમ્પસ – Since - 1997
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
[illegible] -Ad 048


## :: જાહેરાત ::

મોજે બરવાળા બાવીસી ગામની ખેતની જમીન સર્વે નંબર ૪૯ પૈકી (૨) ગામ નમુનો નંબર ૧૨ ખાતા નંબર ૨૮૭મા કોઈપણ ઈસમોને જણાવાનું કે અમારી માલીકીની જમીન ૧૨૯.૫૦ ક્ષેત્રફળની મીલ્કત ઉપર કોઈપણ પ્રકારનું લેણદેણ, હકક, હિસ્સો, ભાગલાગ હોય તો દિન ૧૦માં લેખીત આધાર પુરાવા સાથે રજી. કરવા જણાવવામાં આવે છે, આમ નહી કરવામાં આવે તો આ મીલ્કત ઉપર કોઈપણ પ્રકારનો વાંધો, હકક, હિસ્સો કોઈપણને નથી તેમ સમજીને અમોને સંપૂર્ણ હકક રહેશે. જેની સૌ કોઈ લાગતા વળગતાએ નોંધ લેવી.

લી.
**નાગજીભાઈ મેઘજીભાઈ આંબલીયા**
**મુ.બરવાળા બાવીસી, તા. કુંકાવાવ**
**જી.અમરેલી.**
**મો.૯૮૨૫૬ ૨૬૩૧૨**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૧ | ૨૬૦૦ |
| ૩ | કપાસ | ૧૧૦૦ | ૧૪૭૦ |
| ૪ | બાજરો | ૪૧૨ | ૫૦૯ |
| ૫ | ઘઉં ટુકડા | ૩૦૦ | ૬૦૦ |
| ૬ | જુવાર | ૪૪૦ | ૯૦૯ |
| ૭ | મગ | ૯૦૦ | ૧૬૭૦ |
| ૮ | અડદ | ૧૮૨૦ | ૧૮૨૦ |
| ૯ | તુવેર | ૨૦૦૦ | ૨૦૦૦ |

### ટેમ્પરરી ગ્રેજ્યુએટ વિસામાં પણ ફેરફાર કરાયો

# ઓસ્ટ્રેલિયાએ તેના સ્ટુડન્ટ વિસા નિયમોમાં ફેરફાર કર્યા

## વિદ્યાર્થીઓના બહાને દેશમાં વિદેશી વસાહતી વધી રહી હોવાથી ઓસ્ટ્રેલિયાની સરકારે નિયંત્રણમાં કર્યા ફેરફાર

સિડની, તા.૨૦

ઓસ્ટ્રેલિયાએ તેના સ્ટુડન્ટ વિસા નિયમો તેમજ T Visa તરીકે ઓળખાતા ટેમ્પરરી ગ્રેજ્યુએટ વિસામાં પણ ફેરફાર કર્યો છે. વિદ્યાર્થીઓના બહાને દેશમાં વિદેશી વસાહતીઓની સંખ્યા વધી રહી હોવાથી ઓસ્ટ્રેલિયાની સરકારે તેને નિયંત્રણમાં લેવા આ ફેરફાર કર્યા છે. આ ફેરફારો આવતા મહિનાથી અર્થાત ૧ જુલાઈ, ૨૦૨૪થી અમલમાં આવશે.

ઓસ્ટ્રેલિયાએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને અસ્થાયી વિસાધારકોને ઓસ્ટ્રેલિયામાં તેમના રોકાણને અનિશ્ચિત સમય સુધી લંબાવવાથી રોકવા માટે પગલાં અમલમાં મૂક્યા છે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ મોટાભાગે દેશમાં તેમનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી ઓસ્ટ્રેલિયામાં તેમના રોકાણને લંબાવતા જોવા મળે છે. ઓસ્ટ્રેલિયાની ઈમિગ્રેશન નીતિમાં ગયા વર્ષે રજૂ કરવામાં આવેલા મુખ્ય ફેરફારમાં 'વિસા હૉપિંગ' પર પ્રતિબંધ મૂકવાની હતી અને એ દ્વારા વિદ્યાર્થીઓ તથા અન્ય અસ્થાયી વિસાધારકોને કેટલાક કિસ્સામાં અનિશ્ચિત સમય માટે ઓસ્ટ્રેલિયામાં તેમના રોકાણને સતત લંબાવવાની મંજૂરી આપતી છટકબારીઓને સમાપ્ત કરવી. ઈમિગ્રેશન નીતિમાં નોંધ્યું છે તેમ, ૨૦૨૨-૨૩માં વિદ્યાર્થી વિસા પર ઓસ્ટ્રેલિયામાં રહેતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યા ૩૦ ટકા વધીને ૧૫૦,૦૦૦ કરતાં વધુ થઈ ગઈ છે. ઓસ્ટ્રેલિયાની સરકાર દ્વારા કરવામાં આવી રહેલા સૂચિત ફેરફારો વિશે સત્તાવાર માહિતી આ વેબસાઈટ https://immi.homeaffairs.gov.au/visas/gªting-a-visa/visa-listing/temporary-graduate-485/changes દ્વારા જાણી શકાશે.

વિઝિટર વિસા પર કોઈ વધુ રોકાણની શરતોનો ઉપયોગ કરીને અને માર્ચમાં અમલમાં મુકવામાં આવેલી જેન્યુઈન સ્ટુડન્ટ આવશ્યકતા દ્વારા ઓસ્ટ્રેલિયાની સરકારે તેને નિયંત્રણમાં લેવા માટે પહેલેથી જ પગલાં લીધાં છે, જેણે વિશ્વાસપાત્ર અભ્યાસક્રમની પ્રગતિ ન થાય ત્યાં સુધી હજારો વિદ્યાર્થીઓને એક કેટેગરીના સ્ટુડન્ટ વિસાથી બીજી કેટેગરીના સ્ટુડન્ટ વિસા તરફ જવાનું બંધ કરી દીધું છે. ૧ જુલાઈ, ૨૦૨૪ના રોજ, ઓસ્ટ્રેલિયાની સરકાર આ પ્રથાને એક પગલું આગળ લઈ રહી છે. પ્રથમ, વિઝિટર વિસાધારકો ઓસ્ટ્રેલિયામાં રોકાણ દરમિયાન સ્ટુડન્ટ વિસા માટે અરજી કરી શકશે નહીં. આ પગલું લેવાનું કારણ એ છે કે, ૧ જુલાઈ ૨૦૨૩ થી મે ૨૦૨૪ ના અંત સુધી ૩૬,૦૦૦ થી વધુ અરજીઓ વિઝિટર વિસામાંથી સ્ટુડન્ટ વિસા માગવાનું પ્રચલન વધી ગયેલું જોવા મળ્યું છે.બીજું, ટેમ્પરરી ગ્રેજ્યુએટ વિસાધારકો ઓનશોર સ્ટુડન્ટ વિઝા માટે અરજી કરી શકશે નહીં. તાજેતરના ગ્રેજ્યુએટ્સ ઈન લિમ્બો રિપોર્ટમાં ગ્રેટન ઈન્સ્ટિટ્યૂટને જાણવા મળ્યું છે કે ૩૨ ટકા ટેમ્પરરી ગ્રેજ્યુએટ વિસાધારકો ઓસ્ટ્રેલિયામાં તેમના રોકાણને લંબાવવા માટે તેમના વિસાની મુદત પૂરી થાય છે ત્યારે સ્ટુડન્ટ વિસા માટે અરજી કરે છે. હવે કરવામાં આવેલા આ ફેરફાર સ્પષ્ટ કરે છે કે સ્નાતકોએ તેમના અભ્યાસને યોગ્ય નોકરીઓ શોધવી જોઈએ અને સ્થાયી નિવાસી બનવું જોઈએ, અને કાયમી ધોરણે હંગામી રીતે રહી જવાના વિકલ્પો શોધવાને બદલે દેશ છોડીને જતા રહેવું જોઈએ. આ ફેરફારો અસ્થાયી સ્નાતક વિસાધારકો માટે ૧ જુલાઈ, ૨૦૨૪ ના રોજ અમલમાં આવી રહેલા અન્ય ફેરફારોની શ્રેણીને સમર્થન આપે છે. આમાં નોંધપાત્ર રીતે ટૂંકા અભ્યાસ પછીના કામના અધિકારો, વય મર્યાદામાં ૫૦ ને બદલે ૩૫ વર્ષ કરવી તથા અંગ્રેજી ભાષાની જરૂરિયાતોમાં વધારો કરવા જેવી શરતો સામેલ છે. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયન સરકારે ટેમ્પરરી ગ્રેજ્યુએટ વિસા પ્રોગ્રામમાં ફેરફારની જાહેરાત કરી છે, જે ૧ જુલાઈથી અમલમાં આવશે. આ ફેરફારોનો હેતુ વિસા પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાનો અને ઓસ્ટ્રેલિયામાં કામ કરવા માંગતા આંતરરાષ્ટ્રીય સ્નાતકો માટે વધુ સ્પષ્ટતા પ્રદાન કરવાનો છે.

ઑસ્ટ્રેલિયાના ટેમ્પરરી ગ્રેજ્યુએટ વિઝા પ્રોગ્રામમાં ફેરફાર ૧ જુલાઈથી અમલમાં આવશે, જેના હેઠળ : – અરજદારોએ તેમની લાયકાત સાથે મેળ ખાતો પ્રવાહ પસંદ કરવો આવશ્યક છે; વય મર્યાદા ૩૫ રહેશે. – પદવીના પ્રકારને આધારે પોસ્ટ-હાયર એજ્યુકેશન વર્ક સ્ટ્રીમ માટે રોકાણના સમયગાળામાં સુધારો કરવામાં આવ્યો છે.

### UGC-NET પરીક્ષાને લઈને અત્યાર સુધી થયેલા આ ખુલાસાઓ છે

# પેપરલીક, નેશનલ સાયબર ક્રાઈમ યુનિટ અને સીબીઆઈની એન્ટ્રી...

## મેડિકલ પ્રવેશ પરીક્ષા દ્રઈઈ્ અંગે ચાલી રહેલા વિવાદ વચ્ચે કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે બુધવારે UGC-NETને રદ કરવાનો નિર્ણય લીધો છે

નવી દિલ્હી, તા.૨૦

મેડિકલ પ્રવેશ પરીક્ષા 'NEET'ના વિવાદ વચ્ચે શિક્ષણ મંત્રાલયે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા લેવામાં આવતી UGC-NET પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધો છે. શિક્ષણ મંત્રાલયે આ મામલાની સીબીઆઈ દ્વારા તપાસ કરાવવાનો નિર્ણય લીધો છે. પેપર લીકના સમાચાર બાદ NTAએ આ જાહેરાત કરી છે. UGC-NET પરીક્ષા રદ થયા બાદ વિપક્ષે સરકાર સામે સવાલો ઉઠાવવાનું શરૂ કરી દીધું છે.અગાઉની પરંપરાને છોડીને, આ વખતે નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ (NET) પેન-અને-પેપર મોડમાં એક જ દિવસે લેવામાં આવી હતી - 18 જૂન, જેમાં રેકોર્ડ 11 લાખ વિદ્યાથીઓએ પરીક્ષા માટે નોંધણી કરાવી હતી. મંત્રાલયનો આ નિર્ણય મેડિકલ પ્રવેશ પરીક્ષા NEETમાં કથિત અનિયમિતતાઓને લઈને ભારે વિવાદ વચ્ચે આવ્યો છે, જેની સુનાવણી હાલમાં સુપ્રીમ કોર્ટમાં ચાલી રહી છે.શિક્ષણ મંત્રાલયે કહ્યું, '19 જૂન, 2024 ના રોજ, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) ને મંત્રાલય હેઠળના ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) ના નેશનલ સાયબર ક્રાઈમ થ્રેટ એનાલિસિસ યુનિટ પાસેથી આ પરીક્ષા સંબંધિત કેટલીક માહિતી મળી હતી. ગૃહ બાબતોના. આ માહિતી પ્રાથમિક દ્રષ્ટિએ દર્શાવે છે કે ઉક્ત પરીક્ષાની અખંડિતતા સાથે ચેડા કરવામાં આવ્યા હોઈ શકે છે.આ નિવેદનમાં, તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'આ પરીક્ષા પ્રક્રિયાની ઉચ્ચતમ સ્તરની પારદર્શિતા અને પવિત્રતા સુનિશ્ચિત કરવા માટે, ભારત સરકારના શિક્ષણ મંત્રાલયે નિર્ણય લીધો છે કે UGC-NET જૂન 2024ની પરીક્ષા રદ કરવી જોઈએ. નવી પરીક્ષા લેવામાં આવશે, જેની માહિતી અલગથી શેર કરવામાં આવશે. તેમજ આ મામલાની સંપૂર્ણ તપાસ માટે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને સોંપવામાં આવી રહી છે.ટ્વીટર પર પરીક્ષા રદ કરવાના સમાચાર પોસ્ટ કરતા શિક્ષણ મંત્રાલયે લખ્યું, 'યુજીસી નેટ પરીક્ષામાં થયેલી ગેરરીતિઓની તપાસની જવાબદારી સીબીઆઈને સોંપવામાં આવી રહી છે... સરકાર પરીક્ષાની પવિત્રતા જાળવવા પ્રતિબદ્ધ છે. અને વિદ્યાથીઓના હિતનું રક્ષણ કરે છે. NET પરીક્ષામાં ગેરરીતિ માટે જવાબદાર કોઈપણ વ્યક્તિ કે સંસ્થા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.શિક્ષણ મંત્રાલયના ટ્વીટ દ્વારા પરીક્ષાની જાણકારી મળ્યા બાદ વિપક્ષ સરકાર પર આકરા પ્રહારો કરી રહ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ માત્ર સરકાર પર જ નહીં પરંતુ પીએમ પર પણ નિશાન સાધ્યું, કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું, 'અમે પરીક્ષા પર ખૂબ ચર્ચા કરીએ છીએ, અમે NEET પરીક્ષા પર ક્યારે ચર્ચા કરીશું?'ભાજપ પર નિશાન સાધતા આરજેડી નેતા તેજસ્વી યાદવ પણ આ જ આક્રમક અંદાજમાં જોવા મળ્યા અને લખ્યું- એ 100% નિશ્ચિત છે કે ભાજપના શાસનમાં દરેક પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક થશે! જ્યારે મહારાષ્ટ્રના ઉદ્ધવ ઠાકરે કેમ્પના આનંદ દુબેએ NTAને બેદરકાર અને પોકળ ગણાવ્યું અને NTAને બંધ કરવાની વાત કરી.

### આણંદમાં બોગસ માર્કશીટ કૌભાંડનો પર્દાફાશ

# જુદી-જુદી યુનિવર્સિટીની બોગસ માર્કશીટ અને પ્રમાણપત્ર સાથે એક આરોપીની ધરપકડ

## પોલીસે આરોપીની ઓફિસમાંથી એક લેપટોપ બે મોબાઈલ મળી કુલ ૯૫ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે

આણંદ, તા.૨૦

એક તરફ સમગ્ર દેશમાં NEETના પરિણામને લઈને આખા દેશમાં મુદ્દો ઉછળી રહ્યો છે. બીજી તરફ ગુજરાતના આણંદમાં બોગસ માર્કશીટ કૌભાંડનો પર્દાફાશ થયો છે. માત્ર ગુજરાત નહીં, આરોપી પાસેથી દેશના અનેક રાજ્યની નકલી માર્કશીટ મળી આવી છે.

દેશની જુદી-જુદી યુનિવર્સિટીની બનાવટી માર્કશીટ અને પ્રમાણપત્ર સાથે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. વિદ્યાનગર રોડ પર આવેલા ક્રિષ્ના સફર કોમ્પલેક્ષના ચોથા માળે વિઝા કન્સલ્ટન્સી ઓફિસમાં પોલીસે દરોડા પાડ્યા છે.જેમાં આરોપીની ઓફિસમાંથી જુદી-જુદી યુનિવર્સિટીના નકલી પ્રમાણપત્રો મળી આવ્યા છે.

જેમાં ન્યુ દિલ્હી સ્કુલ બોર્ડના- ૧૦, SPUના- ૩૪, મહારાષ્ટ્ર બોર્ડના- ૦૬, એમ.પી.સી. કોલેજ અમરાવતી, મહારાષ્ટ્રના- ૦૨, બાબા સાહેબ આંબેડકર યુનીવર્સીટી, લોનેર, મહારાષ્ટ્રના- ૦૯, MSU , વડોદરાના- ૧૩, પંજાબ બોર્ડના- ૦૩, હરિયાણા બોર્ડના- ૦૫, કુરૂક્ષેત્ર યુનીવર્સીટીહરિયાણા- ૬, હરિયાણા સ્ટેટ બોર્ડના-૦૧, સ્વામી વિવેકાનંદ પબ્લીક સ્કુલ, યમુનાનગર, દિલ્હીના- ૧ માર્કશીટ મળી છે. માર્કશીટ કૌભાંડમાં કુલ ૯૦ સર્ટિફિકેટ મળી આવ્યા. આ ઉપરાંત વિદેશ જવા ઈચ્છતા લોકો કે જેમની પાસે અભ્યાસનું સર્ટિ ન હોય તેની પાસેથી ૨-૨ લાખ રૂપિયા લઈને આરોપી નકલી સર્ટિફિકેટ આપતો હતો.પોલીસે આરોપીની ઓફિસમાંથી એક લેપટોપ બે મોબાઈલ મળી કુલ ૯૫ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.અલગ અલગ રાજ્યની સરકારી શૈક્ષણિક સંસ્થાના બનાવટી માર્કશીટો તથા સર્ટીઓ બનાવી વિદેશ મોકલવાના કૌભાંડ આચરતા એક આરોપીને આણંદ પોલીસે પકડ્યો છે. વિદ્યાનગર રોડ ઉપર આવેલા ક્રિષ્ના સફર કોમ્પલેક્ષના ચોથા માળે ૪૦૨મા એસ.પી.સ્ટડી પ્લાનર LLP નામની ઓવરસીઝમા અમદાવાદના સિધ્ધીક શાહ નામનો શખ્સ વિદેશ જવા ઈચ્છતા ગ્રાહકોને બનાવટી માર્કશીટ તથા દસ્તાવેજો બનાવી વિદેશના વિઝા મેળવી વિદેશ મોકલી આપતો હતો.

# 'હું ધર્મનિરપેક્ષ છું, યાદવો અને મુસ્લિમો માટે પણ કામ કરીશ':સાંસદ દેવેશ ચંદ્ર ઠાકુરે

નવી દિલ્હી, તા.૨૦

બિહારના સીતામઢીમાં એક કાર્યક્રમને સંબોધિત કરતા દેવેશ ચંદ્રાએ કહ્યું હતું કે ૨ ૨ વર્ષથી રાજકારણમાં સક્રિય રહીને તેમણે યાદવ અને મુસ્લિમ સમુદાય માટે સૌથી વધુ કામ કર્યું છે. પરંતુ આ લોકોએ કોઈપણ કારણ વગર તેમને ચૂંટણીમાં મત આપ્યો ન હતો. જો ભવિષ્યમાં આ સમુદાયના લોકો કામ પર આવશે તો તેઓ તેમને ચા-નાસ્તો ચોક્કસ આપશે પરંતુ તેમનું કામ નહીં કરે.જેડીયુના નવા ચૂંટાયેલા સાંસદ દેવેશ ચંદ્ર ઠાકુરે થોડા દિવસો પહેલા કહ્યું હતું કે મુસ્લિમો અને યાદવોના વોટ ન મળવાથી તેઓ દુખી છે, તેથી તેઓ આ સમુદાયના લોકો માટે કોઈ કામ કરશે નહીં. પરંતુ હવે આ મામલે થયેલા હોબાળા બાદ તેમનો ખુલાસો સામે આવ્યો છે.દેવેશ ચંદ્ર ઠાકુરે કહ્યું છે કે અમે દરેક માટે કામ કરીશું. અમે યાદવો અને મુસ્લિમો માટે પણ કામ કરીશું. મારી લાગણીઓ વિકૃત હતી. હું પહેલા પણ બધા માટે કામ કરતો હતો અને ભવિષ્યમાં પણ કરીશ. જ્યારે નેતાઓ કોઈનું કામ કરતા નથી ત્યારે જનતા તેમની વિરુદ્ધ બોલે છે.તેમણે કહ્યું કે સતત કામ કરવા છતાં મત ન મળતાં મેં મારી લાગણી વ્યક્ત કરી હતી. મારે કોઈ પક્ષ પાસેથી બિનસાંપ્રદાયિકતાનું પ્રમાણપત્ર લેવાની જરૂર નથી. હું સેક્યુલર હતો અને છું. મને મારા કામ માટે સમર્થનની અપેક્ષા હતી પરંતુ જ્યારે મને તે ન મળ્યું ત્યારે મને દુઃખ થયું. મને દુઃખ છે કે મેં મારી લાગણીઓ વ્યક્ત કરી, જેનો ખોટી રીતે પ્રચાર કરવામાં આવ્યો.દેવેશ ઠાકુરના નિવેદન પર જેડીયુ મુસ્લિમ નેતાએ કહ્યું છે કે તેમના નિવેદનથી મુસ્લિમોને દુઃખ થયું છે. તેમણે આવું નિવેદન ન આપવું જોઈતું હતું. તેઓ તમામ સમાજના સાંસદ છે. તેમને કહેવું જોઈએ કે હું તેમને માત્ર ખવડાવીશ નહીં પરંતુ તેમનું કામ પણ કરીશ. તેમના નિવેદનથી મુસ્લિમોને દુઃખ થયું છે.બિહારના સીતામઢીમાં એક કાર્યક્રમને સંબોધિત કરતા દેવેશ ચંદ્રાએ કહ્યું હતું કે ૨ ૨ વર્ષથી રાજકારણમાં સક્રિય રહીને તેમણે યાદવ અને મુસ્લિમ સમુદાય માટે સૌથી વધુ કામ કર્યું છે. પરંતુ આ લોકોએ કોઈપણ કારણ વગર તેમને ચૂંટણીમાં મત આપ્યો ન હતો. જો ભવિષ્યમાં આ સમુદાયના લોકો કામ પર આવશે તો તેઓ તેમને ચા-નાસ્તો ચોક્કસ આપશે પરંતુ તેમનું કામ નહીં કરે. જેમને આવવું છે, આવવું છે, ચા-નાસ્તો કરીને જવું છે, તેઓ મદદની અપેક્ષા રાખતા નથી.આપને જણાવી દઈએ કે દેવેશ ચંદ્ર ઠાકુર સીતામઢીથી લોકસભા ચૂંટણી જીત્યા છે. દેવેશ ચંદ્ર ઠાકુર બિહાર વિધાન પરિષદના અધ્યક્ષ પણ છે.

### એક યુવતી નસ કાપવા તો બીજી યુવતી ફાંસો ખાવા તૈયાર

# મોબાઈલની એટલી ખરાબ આદત કે યુવતીઓ મરી જવા તૈયાર થઈ ગઈ !

## ૧૮૧ અભયમની ટીમે યુવતીઓનું કાઉન્સિલિંગ કર્યું

નવી દિલ્હી, તા.૨૦

મોબાઈલના એડિક્શનને કારણે કુમળી વયના બાળકો ઉપર કેવી ગંભીર અસર પડી રહી છે તેની પ્રતીતિ કરાવતા બે કિસ્સા અભયમ સમક્ષ આવ્યા છે. એક કિસ્સામાં અભયમે કિશોરીને નજીકના પોલીસ સ્ટેશનમાં રજૂ કરવી પડી હતી તો બીજા કિસ્સામાં યુવતીને સમજાવતા નાકે દમ આવી ગયો હતો. એક કિસ્સામાં માતા પિતાએ અભયમને કહ્યું હતું કે અમારી પુત્રી ૧૮ વર્ષની થવા આવી છે. મોબાઈલ વગર તેને ચાલતું નથી. ઘરમાં તોડફોડ કરે છે અને મોબાઈલ લઈ લઈએ તો ચપ્પુથી હાથની નસ કાપે છે. અમારી પુત્રી એક સગીર વયના પ્રેમી સાથે ચેટિંગ કરે છે. પહેલા અમને એવું હતું કે છોકરો સારો છે એટલે ભવિષ્યમાં લગ્ન કરાવી દઈશું. પરંતુ ચેટિંગ જોતા છોકરો તમારી પુત્રીને ખૂબ જ ગલીચ ભાષામાં વાત કરે છે અને અમને પણ ગાળો ભાંડે છે.

અભયમની ટીમે સગીરાનું કાઉન્સેલિંગ કરતા તેણે કહ્યું હતું કે મોબાઈલ વગર મને ચાલવાનું નથી. લગ્ન કરીશ તો પણ આ યુવક સાથે જ કરવાની છું. તેણે ફરીથી ચપ્પુ વડે નસ કાપવાની ધમકી આપતા અભય અમે તેને નજીકના પોલીસ સ્ટેશનમાં રજૂ કરી હતી. અન્ય એક કિસ્સામાં મોબાઈલની લતે ચડેલી ૧૯ વર્ષીય યુવતી તેના માતા પિતાને વારંવાર ધમકાવી રહી છે. મા બાપે અભયમને કહ્યું હતું કે, અમારી દીકરી આખો દિવસ કોઈ છોકરા સાથે મોબાઈલ પર વાતો કરી રહી છે. મોબાઈલને હાથ પણ લગાડવા દેતી નથી અને અમે કંઈ પણ કહીએ છીએ તો મોબાઈલ વગર જીવી શકું નહીં તેમ કહી પંખા સાથે દુપટ્ટો બાંધી આપઘાત કરવાની ધમકી આપે છે. અભયમની ટીમે તેનું કાઉન્સિલિંગ કરી પોલીસને પણ જાણ કરી હતી.

# સોમનાથ ટ્રસ્ટ તરફથી ૨૫૦૦ કિલો કેરીઓનું આંગણવાડીઓના ૯૭૦૦ જેટલા બાળકોને વિતરણ



રોટરી ડીસ્ટ્રીક્ટ ૩૦૬૦નો ''આનંદઅર્પણ''એવોર્ડ સમારંભ તા.૧૬જૂન નાં રોજ વડોદરા ખાતે યોજાયેલ. જેમાં બેસ્ટ ક્લબ તેમજ બેસ્ટ પ્રેસિડેન્ટ રોટે.ડો.મનિષ લાકોતર સહિત ક્લબને કુલ૨૧ એવોર્ડથી સન્માનિત કરેલ હતી.આ ઉપરાંત ક્લબનાં મેમ્બર્સ રોટે. દેવદત જાની, રોટે. પિયુષ અજમેરા. રોટે. અંબરીશ રાજયગુરૂ. રોટે ધવલ ઠાકર અને રોટે.પ્રતીક સંઘરાજકાને પણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.રોટરી ગીર સામાજિક ક્ષેત્ર અનેક કાર્ય કરી રહી છે. જેવી કે બળ વાત્સલ કેન્દ્ર, કેન્સર ચેકઅપ કેમ્પ, મેડિકલ ઈક્વિપમેન્ટ, સુદામાની જોળી, ઓકિસજન બેંક વગેરે જેવા કાર્યો સમાજ માટે કરી રહી છે. જેના ભાગરૂપે બેસ્ટ સર્વિસ પ્રોજેક્ટ, પબ્લિક ઈમે વગેરેમાં પણ રોટરી ક્લબ ઓફ અમરેલી ગીરને એવોર્ડ અર્પણ કરી ડિસ્ટ્રિક્ટ ગવર્નર નિહિર દવે દ્વારા બીરદાવામાં આવેલ તથા પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવેલ. રોટરી ડિસ્ટ્રીક ૩૦૬૦ (ગુજરાત– મહારાષ્ટ્ર)ની ૧૦૭ ક્લબોમાંથી રોટરી ગીરને એવોર્ડ પ્રાપ્ત થયા. જે અમરેલી માટે ગૌરવની વાત છે. આ તબક્કે પ્રેસિડેન્ટ રોટે. ડો.મનિષ વાકોતર, સેક્રેટરી રોટે. સુરેશત્રિવેદીતથા રોટરી ગીરનાદરેક મેમ્બર્સ ડિસ્ટ્રીક્ટ ગવર્નર નિહિર દવે તથાવૈશાલી દવેનોઆભાર વ્યક્ત કરે છે. એન સાથો સાથ અમરેલીની જાહેર જનતાનો હદયપૂર્વક આભાર માનસ આવી જ અનેકવિધ સમાજ ઉપયોગી પ્રવૃતિઓ શરૂ રાખશે તેની ખાત્રી આપીએ છીએ.




# પર્યાવરણપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરા વૃક્ષારોપણ અભિયાનને લઈને ઉત્સાહી

# ચમારડી ખાતે ''રોપા વિતરણ'' ને લઈને તડામાર તૈયારીઓ

**એક વર્ષમાં ૬૦ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરીને અમરેલી જિલ્લાને ઓક્સિજન પાર્ક બનાવવાનો કરાશે પ્રયાસ**

**વિનામૂલ્યે રોપા વિતરણ કરવાનાં હોવાથી જનતા જનાર્દને પણ સહકાર આપવો જરૂરી બન્યો છે**

**એક વૃક્ષ એ દશ દિકરા જેટલી કામગીરી કરે છે તેવી માન્યતા હોય સૌ કોઈએ સહકારમાં જોડાવું જરૂરી**

**અપુરતા વરસાદ, કાળઝાળ ગરમીથી બચવા માટે જિલ્લાનાં દરેક નાગરિકે વૃક્ષનું વાવેતર કરવું પડશે**



અમરેલી, તા. ૨૦

બાબરાનાંચમારડીનાંવતની અને સુરત સ્થિત ઉદ્યોગપતિ અને પર્યાવરણ પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાનાં ચમારડી ખાતેનાં ''રાધે ફાર્મ''ખાતેઆગામીકલાકોમાંશરૂથનારા ''વૃક્ષારોપણ'' અભિયાનને લઈને તડામારતૈયારીઓશરૂકરવામાંઆવીછે. જુદા-જુદા સ્થળોએથી મોટીસંખ્યામાં''રોપા''નુંઆગમનથઈ રહ્યું છે. જે રોપા ભવિષ્યમાં ઘટાટોપ બને, પક્ષીઓનો આશરો બને, પર્યાવરણને ફાયદો કરે તેનું વિનામૂલ્યે વિતરણકરવામાંઆવશે.જેકોઈવ્યકિત ૧૦૦રોપાનેવૃક્ષબનાવેતેમનેપ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે. જિલ્લાનાં તમામ નાગરિકોએ પણ અપુરતા વરસાદઅનેકાળઝાળગરમીથીબચવા માટે વૃક્ષારોપણનાં ગૌરવવંતા કાર્યમાં સહકારઆપવોપડશે.કારણકેએકવૃક્ષ એદશદિકરાજેટલુંકામકરતુંહોયદરેક નાગરિકની ફરજ બને છે કે તેઓ આ અભિયાનમાં જોડાઈ તેવો અનુરોધ ગોપાલભાઈ વસ્તરપરાએ કરેલછે.

### માર્ગ-મકાન વિભાગ દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી

# સાવરકુંડલા ખાતે આજે માર્ગની બગલમાં થયેલ દબાણને દૂર કરવા કાર્યવાહી કરાશે

### શહેરનાં આંતરિક વિસ્તારમાં દબાણ હટાવ નહી થાય



સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલા શહેરમાં આવતીકાલનારોજશહેરીવિસ્તારમાંથી પસાર થતા માર્ગ-મકાન વિભાગ અને જિલ્લાપંચાયતહસ્તકના રોડનીસાઈડમાં થયેલાદબાણોદૂર કરવા માટેડિમોલેશન હાથ ધરવામાં આવનાર છે. આજે હાથ ધરાનાર ડિમોલેશનમાં સાવરકુંડલા શહેરના મુખ્ય ત્રણ રોડ ઉપર ઓટા, છાપરાસહિતતમામદબાણહટાવવામાં આવશે. જેમાં મહુવા રોડ ઉપર રેલ્વે ફાટકથી શરૂ કરી રિદ્ધિ સિદ્ધિ ચોક સુધી બંને સાઈડમાં તેમજ રિદ્ધિ સિદ્ધિ ચોકથી ભુવારોડના પુલસુધીનદીબજારનીફકત ડાબી સાઈડમાં જયારે ભુવા રોડના પુલ પછી અમરેલી રોડના ગેઈટ સુધી બંને સાઈડમાં દબાણ હટાવવામાં આવશે. જયારે બીજા રૂટમાં રિદ્ધિ સિદ્ધિ ચોકથી શરૂ કરી જુના બસ સ્ટેન્ડ થઈ જેસર રોડ પર આવેલા ગેઈટ સુધીમાં બંને સાઈડમાં દબાણો હટાવવામાં આવનાર છે. જયારે ત્રીજા રૂટમાં રિદ્ધિ સિદ્ધિ ચોકથી મણીભાઈ ચોક થઈ જે.વી. મોદી સ્કૂલ, ગર્લ્સ હાઈસ્કૂલ થઈ હાથસણી રોડ ચોકડીથી નેસડી રોડ ઉપર આવેલા ગેઈટ સુધી અને વળતા નેસડી રોડ ચોકડીથી હાથસણીરોડ પર આવેલા ગેઈટ સુધી બંને સાઈડમાં દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવનાર છે.

ઉપરોકત રોડમાં મહુવા રોડ અને જેસર રોડ માર્ગ અને મકાન વિભાગ હસ્તક છે જયારે હાથસણી રોડ જિલ્લા પંચાયત હસ્તક હોય ત્યાં રોડ ઉપર હાથ ધરાનારા વિકાસના કામોમાં નડતર રૂપ ઓટા, છાપરા, થડા જેવા દબાણો હટાવવામાં આવશે. જેથી વિકાસનાં

અનુસંધાન પાના ૬ ઉપર







### જિલ્લામાં જુગારની મૌસમ ખિલી

# અમરેલી જિલ્લામાં જુગાર રમતાં ૩૨ પત્તાપ્રેમીઓની અટકાયત કરાઈ

### જુદા-જુદા પોલીસ સ્ટેશન દ્વારા કાર્યવાહી

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં ત્રણ અલગ અલગ સ્થળોએ જાહેરમાં જુગાર રમતાં રોકડા રૂપિયા ૯૫ હજાર સાથે ઝડપાય જતાં બાજી ફફડાટ ફેલાયો છે.

સાવરકુંડલા તાલુકાના વણોટ ગામે રહેતા દિનેશભાઈ હકાભાઈ કાછડ સહિત ૧૮ શખ્સો તા.૧૯ ના ૪/૩૦ વાગ્યે વણોટ ગામે દાધીયા ગામ તરફ જતા રોડ ઉપર જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા રોકડા રૂપિયા ૫૫,૬૪૦ ના મુદ્દામાલ સાથે ઝડપાય જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ગારીયાધાર ગામે રહેતા સનીભાઈ ઘનશ્યામભાઈ સોલંકી સહિત આઠ ઈસમો શાખપુર ગામે

અનુસંધાન પાના ૬ ઉપર




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)